અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

04 DECEMBER-2025 THURSDAY | Vol. : 17 | Issue : 153 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ભારતે 4 વર્ષમાં પહેલીવાર રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ઓછું કર્યું : અમેરિકા, સાઉદી અને UAEથી ખરીદી વધી....

4  દિમાગ ખુબ તેજ જોઈએ કોઈની ભુલ કાઢવા, પણ એક સુંદર હૃદય જોઈએ પોતાની ભુલ સ્વીકારવા

6  IND vs SA | કોહલીએ સતત બીજી સદી ફટકારતા ગૂંજી ઉઠ્યું સ્ટેડિયમ, ગાયકવાડનો પણ રેકોર્ડ

7  ટ્રમ્પ પરિવારને 30 મિનિટમાં અબજોનું નુકસાન, ક્રિપ્ટોને લગતા શેરમાં 50% સુધીનો કડાકો....

### PM મોદીએ બંગાળ ભાજપના સાંસદો સાથે મુલાકાત કરી

# વિધાનસભા સાંસદો ચૂંટણી જીતવાની છે, અત્યારથી જ કામ શરૂ કરી દો : PM મોદી...

**નવી દિલ્હી, તા.03**

બુધવારે સંસદના શિયાળુ સત્રનો ત્રીજો દિવસ હતો. સવારે 11 વાગ્યે બંને ગૃહોની બેઠક શરૂ થાય તે પહેલાં, PM મોદીએ સંસદ સંકુલમાં પશ્ચિમ બંગાળના રાજ્યસભા અને લોકસભાના સાંસદો સાથે મુલાકાત કરી. મોદીએ સાંસદોને કહ્યું કે બંગાળ વિધાનસભાની ચૂંટણી જીતવાની છે. તેમણે જીત સુનિશ્ચિત કરવા માટે અત્યારથી જ કામ શરૂ કરી દેવાની વાત કરી હતી.



PMએ સાંસદોને કેન્દ્ર સરકારની નીતિઓ લોકો સુધી પહોંચાડવા સૂચના આપી. PM અને બંગાળના સાંસદો વચ્ચેની આ મુલાકાત મહત્વપૂર્ણ છે કારણ કે 9 ડિસેમ્બરે બંગાળ સહિત 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંસદના શિયાળુ સત્રમાં SIR પર ચર્ચા કરવામાં આવશે. 2026માં બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાવાની છે.

બુધવારે વિપક્ષના સાંસદોએ સવારે 10:30 વાગ્યે સંસદના મકર ગેટ સામે શ્રમ કાયદાનો વિરોધ કર્યો. સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીએ પણ આ વિરોધમાં ભાગ લીધો હતો.

આ દરમિયાન, કેટલાક સાંસદો વાયુ પ્રદૂષણનો વિરોધ કરવા માટે ગેસ માસ્ક પહેરીને સંસદમાં પહોંચ્યા. લોકસભામાં પ્રશ્નકાળ અને રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન ચર્ચા ચાલુ છે. અગાઉ SIR મામલે ગૃહની કાર્યવાહી ખોરવાઈ હતી. લોકસભામાં કામકાજ થયું નહીં, અને વિપક્ષ દ્વારા રાજ્યસભાનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

સરકારે SIR પર ચર્ચા માટે વિપક્ષની માંગણી સ્વીકારી લીધી છે. વિપક્ષ હવે ગૃહમાં બિલો પર ચર્ચા કરવા માટે તૈયાર છે. સંસદની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં, વિપક્ષે નવા શ્રમ કાયદાનો વિરોધ કર્યો. આ દરમિયાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી પણ હાજર રહ્યા હતા.

પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે માત્ર એક કે બે નહીં, પણ અનેક મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા થવી જોઈએ. તેમણે કહ્યું, 'આપણે પ્રદૂષણ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવી જોઈએ. સંસદમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાની જરૂર છે.'

સંસદના શિયાળુ સત્રના પહેલા દિવસે બંને ગૃહોમાં SIR અને વોટ ચોરીના આરોપના મુદ્દે વિપક્ષે હોબાળો કર્યો હતો. બીજા દિવસે પણ વિપક્ષે સંસદના મકર દ્વાર સામે SIRના વિરોધમાં પ્રદર્શન કર્યું હતું. તેમાં સોનિયા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે પણ સામેલ થયા હતા.


વિપક્ષ SIR અને વોટ ચોરીના આરોપ પર તાત્કાલિક ચર્ચાની માંગ પર અડગ રહ્યો હતો. બંને ગૃહોની કાર્યવાહી ચાલવા દીધી ન હતી. 'વોટ ચોર-ગદ્દી છોડ'ના નારા પણ લગાવ્યા હતા. આ પછી લોકસભા સ્પીકર ઓમ બિરલાએ બંને પક્ષોને પોતાના મીટિંગ રૂમમાં બોલાવ્યા હતા. અહીં સહમતિ બની કે આજે ગૃહ કોઈ પણ હોબાળા વગર ચાલશે.

બિરલા સાથે મુલાકાત બાદ કોંગ્રેસ નેતા કે. સુરેશે જણાવ્યું કે, 9 ડિસેમ્બરે ઈલેક્ટોરલ રિફોર્મ્સ એટલે કે ચૂંટણી સુધારા પર 10 કલાક ચર્ચા થશે. તેમજ તેના એક દિવસ પહેલા 8 ડિસેમ્બરે વંદે માતરમ પર પણ 10 કલાક ચર્ચા થશે. પીએમ મોદી ચર્ચાની શરૂઆત કરશે. વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થવા પર સરકાર ગૃહમાં તેના પર ચર્ચા કરાવી રહી છે.

## દેશભરના અનેક એરપોર્ટ પર ચેક-ઈન સિસ્ટમમાં મુશ્કેલી : હૈદરાબાદમાં ભીડ, બેંગલુરુમાં 42 ફ્લાઈટ રદ

**નવી દિલ્હી, તા.03**

દેશના ઘણા એરપોર્ટ પર બુધવારે સવારથી ચેક-ઈન સિસ્ટમમાં સમસ્યા આવી રહી છે. આનાથી ફ્લાઈટ ઓપરેશન પ્રભાવિત થયું છે. બેંગલુરુ એરપોર્ટ પર 42 ફ્લાઈટ્સ રદ કરવી પડી. જ્યારે હૈદરાબાદમાં એરપોર્ટ પર ભારે ભીડ જામી ગઈ. દિલ્હીમાં ચેક-ઈન પ્રક્રિયાને મેન્યુઅલ કરી દેવામાં આવી છે.



વારાણસી એરપોર્ટ પર મુસાફરોને જણાવવામાં આવ્યું કે માઈક્રોસોફ્ટ વિન્ડોઝે વિશ્વભરમાં મોટી સર્વિસ આઉટેજની જાણ કરી છે. જેના કારણે એરપોર્ટ પર IT સર્વિસ પર અસર પડી છે. જોકે, માઈક્રોસોફ્ટે આ સમાચારને ખોટા ગણાવ્યા છે. કંપનીએ કહ્યું કે વિન્ડોઝ પર કોઈ ટેકનિકલ સમસ્યા આવી નથી. માઈક્રોસોફ્ટની વિન્ડોઝ સિસ્ટમનો ઉપયોગ એરપોર્ટ અને ઈન-ફ્લાઈટ સેવાઓ માટે થાય છે.

દિલ્હી એરપોર્ટ પર સવારથી ચેક-ઈન સિસ્ટમમાં સમસ્યા આવી રહી છે. ચાર એરલાઈન્સ- ઈન્ડિગો, સ્પાઈસજેટ, અકાસા એર અને એર ઈન્ડિયા એક્સપ્રેસ પર તેની અસર પડી છે.

તમામ એરલાઈન્સે મેન્યુઅલ ચેક-ઈન અને બોર્ડિંગ પ્રક્રિયાઓ લાગુ કરી દીધી છે. દિલ્હી એરપોર્ટ ઓથોરિટીએ સવારે 7.40 વાગ્યે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમારી ઓન-ગ્રાઉન્ડ ટીમો તમામ હિતધારકો સાથે મળીને કામ કરી રહી છે જેથી મુસાફરોને કોઈ અસુવિધા ન થાય.

હૈદરાબાદ એરપોર્ટ પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી. ચેક-ઈન સિસ્ટમમાં વિલંબને કારણે ફ્લાઈટ્સ છૂટી રહી છે. ઈન્ડિગોના એક પ્રવક્તાએ જણાવ્યું હતું કે ટેકનોલોજીમાં સમસ્યા, એરપોર્ટ પર ભીડ અને ઓપરેશનલ જરૂરિયાતો જેવા અનેક કારણોસર અમારી ઘણી ફ્લાઈટ્સમાં વિલંબ થયો છે અને કેટલીક રદ પણ કરવામાં આવી છે.

તૈયારી: અમારી ટીમો એ સુનિશ્ચિત કરવા માટે સખત મહેનત કરી રહી છે કે કામગીરી શક્ય તેટલી વહેલી તકે સામાન્ય થઈ જાય.

ચેક-ઈન સિસ્ટમમાં વિલંબને કારણે ચાર ફ્લાઈટ મોડી પડી. ઓપરેશનલ કારણોસર ઈન્ડિગોની ઘણી સેવાઓ રદ કરવામાં આવી. કુલ 42 ફ્લાઈટ રદ થઈ છે, જેમાં 22 આવનારી અને 20 જનારી ફ્લાઈટનો સમાવેશ થતો હતો. વારાણસી એરપોર્ટ પર મુસાફરોને જણાવવામાં આવ્યું કે માઈક્રોસોફ્ટ વિન્ડોઝે વિશ્વભરમાં મોટી સર્વિસ આઉટેજની જાણ કરી છે. જેના કારણે એરપોર્ટ પર IT સર્વિસ પર અસર પડી છે. જોકે, માઈક્રોસોફ્ટે આ સમાચારને ખોટા ગણાવ્યા છે. કંપનીએ કહ્યું કે વિન્ડોઝ પર કોઈ ટેકનિકલ સમસ્યા આવી નથી. માઈક્રોસોફ્ટની વિન્ડોઝ સિસ્ટમનો ઉપયોગ એરપોર્ટ અને ઈન-ફ્લાઈટ સેવાઓ માટે થાય છે.

# ભારત-રશિયા એકબીજાના મિલિટરી બેઝનો ઉપયોગ કરી શકશે

### રક્ષા કરારને રશિયન સંસદની મંજૂરી, પુતિનની ભારત મુલાકાત પહેલાં જાહેરાત

**મોસ્કો, તા.03**

રશિયાની સંસદના નીચલા ગૃહ સ્ટેટ ડુમાએ મંગળવારે ભારત અને રશિયા વચ્ચે થયેલા એક સૈન્ય કરાર 'RELOS'ને મંજૂરી આપી દીધી છે. આ અંતર્ગત બંને દેશોની સેનાઓ એકબીજાના મિલિટરી બેઝ, સુવિધાઓ અને સંસાધનોનો ઉપયોગ અને આદાનપ્રદાન કરી શકશે. તેમના વિમાન, યુદ્ધ જહાજો ઈંધણ ભરવા, મિલિટરી બેઝ પર રોકાણ કરવા અથવા અન્ય લોજિસ્ટિક સુવિધાઓનો ઉપયોગ કરી શકશે. આના પર આવતો ખર્ચ સરખે ભાગે ઉઠાવવામાં આવશે. આ મંજૂરી રાષ્ટ્રપતિ પુતિનની ભારત મુલાકાતના બે દિવસ પહેલાં આપવામાં આવી છે.



આ કરાર આ વર્ષે 18 ફેબ્રુઆરીના રોજ ભારત અને રશિયા વચ્ચે કરવામાં આવ્યો હતો. ગયા અઠવાડિયે રશિયન વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિને તેને સંસદમાં મંજૂરી માટે મોકલ્યો હતો.

રશિયન સંસદના સ્પીકરે કહ્યું કે ભારત અને રશિયાના સંબંધો ખૂબ મજબૂત છે અને આ કરાર તે સંબંધોને વધુ સારા બનાવશે. રશિયન સરકારે પણ જણાવ્યું કે આ કરારથી બંને દેશોની સૈન્ય ભાગીદારી વધુ મજબૂત થશે અને જરૂરિયાતના સમયે એકબીજાને મદદ કરવી સરળ બનશે.

તેમણે જણાવ્યું કે રશિયા સાથેનો આ કરાર અંતિમ તબક્કામાં છે. આનાથી અમેરિકા-રશિયા વચ્ચે કોઈ સૈન્ય સંઘર્ષની સ્થિતિ ઊભી થશે નહીં.

રેસિપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક સપોર્ટ (RELOS) ને બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીમાં અત્યાર સુધીના સૌથી મહત્વપૂર્ણ સંરક્ષણ કરારોમાંથી એક માનવામાં આવે છે. આ એક ડિફેન્સ લોજિસ્ટિક્સ એક્સચેન્જ કરાર છે.

જે અંતર્ગત ભારત અને રશિયાની સેનાઓ એકબીજાના સૈન્ય બેઝ, બંદરો (Ports), એરફિલ્ડ અને સપ્લાય પોઈન્ટનો ઉપયોગ કરી શકશે.

આ ઉપયોગ ફક્ત ઈંધણ ભરવા, સમારકામ, સ્ટોક રિફિલ, મેડિકલ સપોર્ટ, ટ્રાન્ઝિટ અને મૂવમેન્ટ જેવા કાર્યો માટે થશે.

ભારતે આવા જ કરારો અમેરિકા (LEMOA), ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, દક્ષિણ કોરિયા અને અન્ય ઘણા દેશો સાથે કર્યા છે. હવે રશિયા પણ તેમાં સામેલ થઈ રહ્યું છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 4 ડિસેમ્બરે ભારત આવી રહ્યા છે. તેઓ નવી દિલ્હીમાં 23મા ભારત-રશિયા વાર્ષિક સંમેલનમાં ભાગ લેશે. પુતિન દિલ્હીમાં સીક્રેટ સ્થળે રોકાશે. તેની વિગતો જાહેર કરવામાં આવી નથી.

## દંતેવાડા-બીજાપુર બોર્ડર પર જંગલમાં સેનાનું મોટું ઓપરેશન : 12 નક્સલી ઠાર, 3 જવાનો શહીદ

**દંતેવાડા, તા.03**

દંતેવાડા અને બીજાપુરની સરહદને જોડતા ભૈરમગઢ વિસ્તારના કેશકુતુલના જંગલોમાં આજે સવારે નક્સલવાદીઓ અને પોલીસ વચ્ચે ભીષણ અથડામણ થઈ છે, જેમાં પોલીસે 12 માઓવાદીઓને ઠાર કર્યા છે.



જોકે આ એન્કાઉન્ટરમાં DRGના ત્રણ જવાનો શહીદ થયા છે, જ્યારે અન્ય બે જવાનો ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બસ્તર આઈજી સુંદરરાજ પટ્ટિલિંગમે કહ્યું કે, દંતેવાડાથી નીકળેલી ટીમે બીજાપુરની સરહદના કેશકુતુલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરી રહી હતી, ત્યારે નક્સલીઓએ અચાનક ફાયરિંગ શરૂ કરી દીધું હતું. શહીદ થયેલા જવાનોમાં પ્રધાન આરક્ષક મોનુ વડાડી, આરક્ષક દુકારુ ગોંડે અને જવાન રમેશ સોડીનો સમાવેશ થાય છે. અથડામણ સ્થળેથી એએલઆર રાઈફલ, પોઈન્ટ 303 રાઈફલ સહિત મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો છે. હાલમાં જંગલમાં મોટું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે અને ઠાર કરાયેલા નક્સલવાદીઓની સંખ્યા વધવાની શક્યતા છે.

## જ્ઞાનેશ કુમાર 'મુખ્ય ચોર કમિશનર', અચાનક કેમ ભડક્યા આપ સાંસદ સંજય સિંહ, જાણો મામલો...

**નવી દિલ્હી, તા.03**

દિલ્હી નગર નિગમ (MCD)ની 12 બેઠકોની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટી(AAP) માત્ર ત્રણ બેઠકો જીતી શકી હોવાથી, તેણે ફરી એકવાર વોટ ચોરીના આક્ષેપો કર્યા છે. પાર્ટીનો આક્ષેપ છે કે અશોક વિહાર બેઠક પર તેમના ઉમેદવાર જીતી ગયા હોવા છતાં, ફરીથી ગણતરી (રિકાઉન્ટિંગ) બાદ ભાજપને વિજેતા જાહેર કરવામાં આવી. તેમજ 'આપ'ના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય સિંહે આના પર ભડકતા દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને 'મુખ્ય ચોર આયુક્ત' પણ કહી દીધું છે. 'આપ'ના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય સિંહે આ મામલે ખૂબ જ આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે ટ્વીટ દ્વારા દેશના મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારને 'મુખ્ય ચોર આયુક્ત' કહી દીધા છે. સંજય સિંહે 'આપ'ના દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સૌરભ ભારદ્વાજની ટ્વીટને શેર કરતા લખ્યું કે, 'BJP વોટ ચોર છે, પીએમ મોદી તેમના મુખ્ય નેતા છે.' સૌરભ ભારદ્વાજે અશોક વિહાર બેઠક પર 'આપ'ની હાર બાદ ગેરરીતિનો આરોપ અને કહ્યું કે, 'અશોક વિહાર બેઠક - આમ આદમી પાર્ટી જીતી, આ વેબસાઈટ પરનું પરિણામ છે, હવે કહી રહ્યા છે કે રિકાઉન્ટિંગમાં ભાજપ જીતી ગઈ. આવું કેવી રીતે થઈ શકે?' આ ઉપરાંત દિલ્હીના પૂર્વ CM આતિશીએ પણ આને 'લોકશાહી સાથે ચેડાં' ગણાવીને ભાજપ પર જનાદેશ ચોરી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. અંતિમ પરિણામો અનુસાર, MCDની 12 વોર્ડની પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી(BJP) એ સાત બેઠકો પર, આમ આદમી પાર્ટી(AAP) એ ત્રણ, અને કોંગ્રેસ તથા ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક એ એક-એક બેઠક પર જીત નોંધાવી છે. આ પેટાચૂંટણી ભાજપ માટે મહત્ત્વપૂર્ણ હતી, કારણ કે આ વર્ષે ફેબ્રુઆરીમાં દિલ્હીમાં સત્તામાં આવ્યા બાદ આ તેમની પ્રથમ મોટી ચૂંટણી હતી. આ 12 બેઠકોમાંથી 9 પર અગાઉ ભાજપનો અને બાકીની પર 'આપ'નો કબજો હતો.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર


સત્યમેવ જયતે

રાજ્ય સરકાર દ્વારા



“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”

અંતર્ગત ડિસેમ્બર – ૨૦૨૫ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ડિસેમ્બર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

“My Ration” મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# વડોદરામાં રાષ્ટ્રીય એકતા પદયાત્રા, 8માં દિવસે 115 કિમી પુરા થયા

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું, સરદાર પટેલે રાષ્ટ્રના રાજા રજવાડાને એક કર્યા, જય સરદારના નારા લાગ્યા



**વડોદરા, તા.03**

સરદાર પટેલની 150મી જન્મજયંતીના ઊજવણીના ભાગરૂપે સરદાર પટેલના વતન કરમસદથી શરૂ થયેલી રાષ્ટ્રીય એકતા પદયાત્રા વડોદરા જિલ્લાના શિનોર તાલુકા ખાતે પહોંચી હતી. જ્યાં યાત્રાના 8માં દિવસે 115 કિમી પુરા થયા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે બહાદુરી બતાવીને રાજા રજવાડાને સમજાવીને એકસુત્રમાં બાંધ્યા. આખા રાષ્ટ્રના રાજા રજવાડાને એક કર્યા. જૂનાગઢ અને હૈદરાબાદે ભારતમાં જોડાવવાની ના પાડી હતી, તેમને તેમના શબ્દોમાં સમજાવ્યા અને દેશને એક કર્યો છે.

સમગ્ર યાત્રા દરમિયાન જય સરદારના નારા લાગ્યા છે, રાષ્ટ્રીય એકતા પદયાત્રામાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને સિક્કિમના મુખ્યમંત્રી યાત્રામાં જોડાવાના હતા પણ કોઈ કારણોસર ઉપસ્થિત રહી શક્યા નહોતા.

વડોદરાના શિનોર APMC ખાતેથી રાષ્ટ્રીય એકતા પદયાત્રાનો પ્રારંભ થયો હતો, જે શિનોરમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ મોટા ફોફડીયા તરફ આગળ વધી હતી. આ યાત્રામાં રાજ્ય કક્ષાના મંત્રી પી.સી. બરંડા, કેબિનેટ મંત્રી નરેશ પટેલ અને કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ સહિત મોટી સંખ્યામાં યુવાનો અને દેશભરમાંથી આવેલા પદયાત્રીઓ જોડાયા હતા.

યાત્રાના માર્ગ પર ઠેર-ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં નાનકડી બાળાઓ, બાળકો દ્વારા વિવિધ પેઈન્ટિંગ્સ, 'જય સરદાર' અને 'ભારત માતા કી જય'ના નારા તેમજ વિવિધ પ્રકારના આકર્ષક નૃત્યોનો સમાવેશ થતો હતો. પદયાત્રા દરમિયાન આરોગ્ય કર્મીઓ નશામુક્તિના બેનરો સાથે, 108 એમ્બ્યુલન્સ અને સરદાર પટેલના જીવન પર આધારિત પુસ્તકોનો 'સાહિત્ય રથ' પણ સતત સાથે રહ્યો હતો. કેબિનેટ મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે આ યાત્રા ઓછામાં ઓછી 15 કિમીથી વધુની હશે.

પદયાત્રા મોટા ફોફડીયા પહોંચી ત્યારે મહિલાઓ દ્વારા ફૂલ વર્ષાવીને તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અપાઈ હતી. આ તબક્કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને દિલીપ સંઘાણી પણ યાત્રામાં જોડાયા હતા, જોકે અગાઉની માહિતી મુજબ સિક્કિમના મુખ્યમંત્રી અને સી.આર. પાટીલ કોઈ કારણોસર ઉપસ્થિત રહી શક્યા ન હતા.

મોટા ફોફડીયા ખાતે આયોજિત 'સરદાર ગાથા' સભામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મંચ પર પોતાના માટે રાખેલી ખાસ મોટી ખુરશી હટાવી અન્ય નેતાઓ જેવી સામાન્ય ખુરશીમાં બેસીને પોતાની સરળતા અને સાદગીનો પરિચય આપ્યો હતો. પોતાના સંબોધનમાં રાજ્યપાલે વલ્લભભાઈ પટેલના વકીલાત છોડીને બારડોલી સત્યાગ્રહમાં જોડાવા અને ત્યાંથી 'સરદાર' બનવા સુધીની સફરને યાદ કરી હતી. આજના આઠમા દિવસે એકતા યાત્રાએ સફળતાપૂર્વક કુલ 115 કિમી પૂર્ણ કર્યા હતા.

રાજ્યપાલ આચાર્યની દેવવ્રતે જણાવ્યું હતું કે, વલ્લભ ભાઈ પટેલે વકીલાત છોડીને ખેડૂતો માટે બારડોલી સત્યાગ્રહમાં જોડાયા અને ખેડૂતો માટે લડ્યા, ત્યાર સુધી તેઓ માટે વલ્લભ ભાઈ હતા, ત્યારબાદ તેઓ સરદાર બન્યા.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, પીએમ નરેન્દ્ર મોદીએ ધારા 370 હટાવીને સરદાર પટેલનું કામ પૂરું કર્યું.સરદાર જે સન્માનના હકદાર હતા, તે તેમને સન્માન તેમને નરેન્દ્ર મોદીએ અપાવ્યું. સરદાર વલ્લભ ભાઈ પટેલની વિશ્વની સૌથી પ્રતિમા બનાવીને સન્માન આપ્યું છે. ગુજરાતની આ ધરતી સંત મહાત્મા અને રાષ્ટ્ર ભક્તોની ધરતી રહી છે, ત્યારે ગુજરાત અને દેશ સરદાર વલ્લભ ભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી કરી રહ્યો છે, તેમાં જોડાયેલા તમામ લોકો અભિનંદનને પાત્ર છે.

# ગામડીમાં વર્ષો જૂનો રેલ્વે લાઇનવાળો ખેતરાળુ

## રસ્તો બંધ કરવા સામે રહીશોનો ઉગ્ર વિરોધ....



**આણંદ, તા.03**

રાજ્યભરમાં આણંદના ગામડી વિસ્તાર એક એબો જેની બંને બાજુએ રેલ્વે લાઈન અને હાઈવે આવેલા છે.શહેરમાં જવાનો પગપાળા એકમાત્ર માર્ગ રેલ્વે છે. આ માર્ગ જનરલ મેનેજર આવી રહ્યા હોય કોઈપણ ભોગે તંત્ર બંધ કરવા જઈ રહ્યું છે. આ ઉપરાંત રેલ્વેને અડીને બે મોટી શાળાઓ આવેલી છે. તેના ચાર હજાર જેટલા વિદ્યાર્થીઓનો અવર જવરનો માર્ગ પણ રેલ્વે બંધ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. જેના કારણે નગરજનોમાં ભયંકર આક્રોશ ફેલાઈ ગયો છે. અને જો રસ્તો બંધ કર્યો તો સ્થાનિકોએ આંદોલન કરશે.

ડાકોર-ગોધરા રેલ્વે લાઈન 1910 માં આવી તે પહેલા ખ્રિસ્તી મીશનરીઓએ પારસી સદગૃહસ્થ પાસેથી ચાર મોટા ખેતરો ખરીદ્યા હતા. અને 1896 માં આણંદની અંદર હાલ જે રેલ્વે લાઈન છે તેને અડીને દેવળ બનાવવામાં આવ્યું હતું. ત્યારપછી 15 વર્ષ બાદ મીશનરીઓએ ખરીદેલી જમીનમાં વચ્ચોવચ્ચ રેલ્વે લાઈન નાંખવામાં આવી. તે વખતે એક જ ટ્રેક હતો. ગામડી ગામના લોકો આજ ટ્રેક ઉપરથી મુળ ખેતરાળ માર્ગે દેવળમાં જતા હતા. આ માર્ગ150 વર્ષ જુનો છે.

તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે વર્ષો જુનો ખેતરાળ માર્ગ હોય તેનો નકશો ન હોય તો પણ માર્ગ યથાવત રહ્યો છે. હાલ ચાર હજાર જેટલાવિદ્યાર્થીઓ દેવળની બાજુમાં આવેલી સેન્ટ ઝેવીયર્સ અને વીમલ મીરીયમ સ્કુલમાં અભ્યાસ કરી રહ્યા હતા. મોટાભાગના વિદ્યાર્થી ગામડી, બાર વિઘા, નવાપુરા અને પરીખ ભુવનના છે. આ લોકોને શાળામાં કે દેવળમાં જવું હોય તો રેલ્વે જ ક્રોસકરવી કરીને જવું પડે છે તે સિવાય કોઈ માર્ગ નથી. કમનસીબે રેલ્વે આ સમજી શકતું નથી અને માર્ગ બંધ કરવા તૈયાર થઈ છે.


તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે વર્ષો જુનો ખેતરાળ માર્ગ હોય તેનો નકશો ન હોય તો પણ માર્ગ યથાવત રખાવાનો હુકમ કર્યો હતો. આણંદ ગામડી વિસ્તારમાં વર્ષો અગાઉ આ ખેતરાળુ રસ્તો હતો. તેમ છતાં રેલ્વે તંત્ર દ્વારા બંધ કરવાના નિર્ણય લીધો છે. આ નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# સુરતમાં 8 ટી.પી. યોજનાઓ સરકારની મંજૂરી અર્થે રવાના

## આઉટર રિંગ રોડ અને SMC હદ વચ્ચેના 4 વિસ્તારો અને કામરેજ-પલસાણા પટ્ટી પર 4 નવી TP યોજનાઓનો સમાવેશ

**સુરત, તા.03**

સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સુરત વિસ્તારના ઝડપી શહેરીકરણ અને ભવિષ્યની વિકાસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. SUDA વિસ્તાર માટે તૈયાર કરવામાં આવેલ કુલ આઠ સૂચિત મુસદ્દારૂપ ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ - ટી.પી. સ્કીમ્સને ગુજરાત ટાઉન પ્લાનિંગ એક્ટની કલમ-48(1) હેઠળ ગુજરાત સરકારની મંજુરી અર્થે પાઠવવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે. આ તમામ યોજનાઓનું કુલ ક્ષેત્રફળ 1591.85 હેક્ટર જેટલું છે જેમાં ખાસ આઉટર રિંગ રોડ અને SMC હદ વચ્ચેના 4 વિસ્તારો માટે TP યોજનાઓ તૈયાર કરવામાં આવ્યું છે..



આ પ્રસ્તાવિત નગર રચના યોજનાઓ દ્વારા વિસ્તારનું સર્વાંગી આયોજન, ટ્રાફિક વ્યવસ્થા સુધારણા, જાહેર સેવાઓનું વિસ્તરણ તથા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું તબક્કાવાર અમલીકરણ સુવ્યવસ્થિત રીતે શક્ય બનશે. બેઠકમાં મુખ્યત્વે બે વિસ્તારો માટે નગર રચના યોજનાઓ સરકારની મંજુરી અર્થે પાઠવવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રથમ વિસ્તાર છે કામરેજ-પલસાણા કોરિડોર વિસ્તાર, જેમાં ચાર ટી.પી. યોજનાઓનો સમાવેશ થાય છે. આમાં ટી.પી.-70 (કામરેજ) ક્ષેત્રફળ: 136.41 હે., ટી.પી.-71 (વાવ) ક્ષેત્રફળ: 140.55 હે., ટી.પી.-72 (વાવ) ક્ષેત્રફળ: 102.78 હે., અને ટી.પી.-73 (વાવ-કોસમાડી) ક્ષેત્રફળ: 239.88 હે. નો સમાવેશ થાય છે. આ યોજનાઓથી કામરેજ-પલસાણા પટ્ટી પરના આંતરિક માળખાકીય સુવિધાઓને મોટો ફાયદો થશે.

બીજો મહત્વનો વિસ્તાર છે આઉટર રિંગ રોડ તથા SMC હદ વચ્ચેનો વિસ્તાર, જેમાં પણ ચાર ટી.પી. યોજનાઓનો સમાવેશ થાય છે. આ યોજનાઓમાં ટી.પી.-86 (વેડછા-નિયોલ) ક્ષેત્રફળ: 174.00 હે., ટી.પી.-89 (દખ્ખણવાડા-સેઢાવ) ક્ષેત્રફળ: 221.21 હે., ટી.પી.-90 (દેલાડવા) ક્ષેત્રફળ: 242.58 હે., અને ટી.પી.-91 (દેલાડવા) ક્ષેત્રફળ: 234.44 હે. નો સમાવેશ થાય છે. આ વિસ્તાર સુરત શહેરની હદની નજીક હોવાથી, આ યોજનાઓ ભવિષ્યના વિકાસને સુવ્યવસ્થિત કરવામાં નિર્ણાયક સાબિત થશે. આ આઠ નગરરચના યોજનાઓના અમલથી અનેકવિધ લાભો થશે. સૌથી મહત્વની બાબત એ છે કે મુખ્ય માર્ગો અને આંતરિક જોડાણ માર્ગો સહિતનું રોડ નેટવર્ક મજબૂત બનશે, જેનાથી ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થશે. આ ઉપરાંત, શાળા, આરોગ્ય સુવિધાઓ અને ગાર્ડન/ઓપન સ્પેસ જેવી જાહેર સુવિધાઓ માટે જરૂરી જમીન ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. માળખાકીય સુવિધાઓની વાત કરીએ તો, ડ્રેનેજ/સ્ટોર્મ વોટર, પાણી પુરવઠા, તથા અન્ય યુટિલિટી સેવાઓ જેવા આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આયોજનબદ્ધ અમલીકરણ સરળ બનશે.

# ઈન્ડિગોની બેજવાબદારથી મુસાફરો અટવાયા : સુરત એરપોર્ટ પર ગર્ભવતી મહિલા, બાળકો, રેલેવે પરીક્ષાર્થી સહિત 35થી વધુ મુસાફર રઝળ્યાં

**સુરત, તા.03**

એરલાઈન્સ કંપની ઈન્ડિગોની બેજવાબદારી નો વધુ એક કિસ્સો સુરત ખાતે બન્યો છે. બે-બે ફ્લાઈટ એક જ દિવસમાં કેન્સલ થવાના કારણે 35 થી વધુ મુસાફરો સુરત એરપોર્ટ પર રઝળી પડ્યા હતા. જેમાં ગર્ભવતી મહિલા, નાના બાળકો, રેલવે નો પરીક્ષાર્થી સહિતનાનો સમાવેશ થાય છે. સાંજે ગયેલા આ મુસાફરો રાત્રે 12 વાગ્યે ઘરે પરત ફરવું પડ્યું હતું. આ અંગે જ્યારે ઈન્ડિગોના સ્ટાફને પૂછવામાં આવ્યું તો અયોગ્ય જવાબ આપ્યો હતો. આ સાથે જ મુસાફરો તકલીફમાં હતા અને ઈન્ડિગોનો સ્ટાફ હસી મજાક કરી રહ્યો હતો. આ બાબતે એક મુસાફર દ્વારા ઈન્ડિગોને મેઈલ કરીને પણ ફરિયાદ કરી છે.



સુરતમાં રહેતા દેવર્ષ શાહ પરિવાર સાથે જયપુર અને જેસલમેર ફરવા જવા માટે સુરતથી જયપુરની ઈન્ડિગોની ફ્લાઈટમાં બુકિંગ કરાવ્યું હતું. તેમની સાથે પત્ની, બે નાના પુત્રો, તેમના પિતરાઈ ભાઈ તેમના સંતાનો અને તેમની છ માસ ગર્ભવતી પત્ની પણ જયપુર આવી રહ્યા હતા. બે ડિસેમ્બર સુરત થી જયપુરની ડાયરેક્ટ ફ્લાઈટ 3:30 કલાકની હતી. જે કેન્સલ થતાં 9:30 સુરત થી દિલ્હીની ઈન્ડિગોની ફ્લાઈટમાં મુસાફરોને મોકલવાની એરલાઈન્સ કંપની દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી.

દેવર્ષ શાહ અને તેમના પરિવારના સાત સભ્યો સહિત 35 જેટલા મુસાફરો 7 વાગ્યે સુરત એરપોર્ટ પર પહોંચી ગયા હતા. 9:30 વાગ્યાની સુરતથી દિલ્હીની ઈન્ડિગોની ફ્લાઈટ પણ કેન્સલ થઈ હોવાનું 11:30 વાગે જણાવવામાં આવ્યું હતું. પાંચ કલાકથી સુરત એરપોર્ટ પર રઝળી રહેલા મુસાફરોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સુરત એરપોર્ટ ખાતે રહેલા ઈન્ડોગો ના સ્ટાફ દ્વારા પણ યોગ્ય જવાબ આપવામાં ન આવતા મુસાફરો દ્વારા હોબાળો પણ મચાવવામાં આવ્યો હતો.

દેવર્ષ શાહ જણાવ્યું હતું કે, સુરત એરપોર્ટ ખાતે ઈન્ડિગોના મેનેજર પ્રદીપ ને જ્યારે આ બાબતે કહેવામાં આવ્યું ત્યારે માત્ર તે એટલું જ કહેતા હતા કે હું તમને મેલ આઈડી આપી દઉં છું તમે તેમાં મેલ કરી દો. આ સાથે મુસાફરો અટવાઈ ગયેલા હતા અને તે સ્ટાફના લોકો ત્યાં હસી મજાક કરી રહ્યા હતા. અમારું જયપુર અને જેસલમેરનું ચાર લાખથી વધુનું પેકેજ છે. જે તમામ એડવાન્સ બુકિંગ થઈ ગયેલું છે. એરલાઈન્સ કંપની રિફંડ આપશે કે તે પણ ખબર નથી પણ જે એડવાન્સ બુકિંગ થઈ ગયેલું છે તેમાંથી કઈ પાછું આવશે નહીં.

વધુમાં જણાવ્યું હતું કે, 35 થી વધુ મુસાફરો હતા જેવો હેરાન પરેશાન થઈ રહ્યા હતા. એરપોર્ટ ખાતે પણ કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી ન હતી. રાત્રે 11:30 વાગે કહી દેવામાં આવ્યું હતું કે હવે કોઈ વ્યવસ્થા નહીં થાય આવતીકાલે બપોર બાદ થશે. ઘરે પરત જવા માટેની પણ કોઈ વ્યવસ્થા કરી દેવામાં આવી ન હતી. આજે ચાર વાગ્યાની ફ્લાઈટમાં રીસીડ્યુલ કરવામાં આવ્યું છે. અમારું તો એડવાન્સ બુકિંગ થઈ ગયું છે એટલે જવું પડશે પણ જે લોકોને પરીક્ષા હતી અને ઈમરજન્સી હતી તે લોકો તો અટવાઈ જ પડ્યા છે.

ઈન્ડિગોના સ્ટાફ દ્વારા ફ્લાઈટ કેન્સલ થવાનું એક જ કારણ આપવામાં આવી રહ્યું હતું કે, ફ્લાઈટમાં કામ કરતા સ્ટાફની ડ્યુટી પૂરી થઈ ગઈ છે અને ત્યારબાદ સ્ટાફ દ્વારા ડ્યુટી પર પરત આવવાની મનાઈ કરી દેવામાં આવી રહી હોવાથી ફ્લાઈટ કેન્સલ થઈ રહી છે. તમામ મુસાફરોનો એક જ વાત હતી કે અમને રિફંડ મળવું જોઈએ. તેનો પણ સ્ટાફ દ્વારા કોઈ પણ પ્રકારનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો ન હતો. માત્ર એટલું જ કહેતા હતા કે મેઈલ કરી દો મેઈલ કરી દો.

ઈન્ડિગોની બેજવાબદારથી અટવાયેલા એક રેલવેની પરીક્ષાના પરીક્ષાર્થી નઈમે જણાવ્યું હતું કે, હું આવ્યો છું ગોવાથી. ગોવાથી સુરત, સુરતથી દિલ્હી અને સવાર 3 ડિસેમ્બર સવારે 8:30 વાગ્યાનું રેલવેની પરીક્ષાનું પેપર છે. ઈન્ડિગોની ફ્લાઈટ કેન્સલ થઈ રહી છે, તેમણે જવાબ આપ્યો કે અમે કરાવી દઈએ છીએ, પણ તે કરાવી નથી રહ્યા, કોઈ પ્રયાસ જ નથી કરી રહ્યા. અહીં મેં પંકજ સર સાથે પણ વાત કરી છે, અહીંયા જે સ્ટાફ છે, તેમની સાથે પણ વાત કરી છે. તેઓ કહી રહ્યા છે કે કરીએ છીએ, કરીએ છીએ. આ કંઈ કરવા માટે તૈયાર નથી. હવે એ કહો મારો સવારનો પેપર છે. મારી તો બધી મહેનત પર પાણી ફરી વળ્યું, જેટલી પણ મેં તૈયારી કરી છે.

# સુરતની સ્મીમેર હોસ્પિટલમાં સર્વર ઠપ્પ થતા દર્દીઓનો હોબાળો : બે કલાક સુધી દર્દીઓ સારવાર વિના અટવાયા

**સુરત, તા.03**

સુરત મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલનો 'રેઢીયાર વહીવટ' ફરી એકવાર સપાટી પર આવ્યો છે. હોસ્પિટલનું સર્વર અચાનક ડાઉન થઈ જતાં દૂર-દૂરથી સારવાર માટે આવેલા દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. બે કલાકથી વધુ સમય સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ ટોકન ન મળતાં લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો, જેના પગલે હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



સુરતની સ્મીમેર હોસ્પિટલ દક્ષિણ ગુજરાતના ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે આશીર્વાદરૂપ ગણાય છે. જોકે, આજે સવારથી જ હોસ્પિટલમાં OPD માટે ટોકન લેવાની પ્રક્રિયામાં મોટી મુશ્કેલી ઊભી થઈ હતી. હોસ્પિટલનું સર્વર ડાઉન થઈ જતાં ટોકન આપવાનું કામ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું હતું. હજારોની સંખ્યામાં દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓ OPDની બહાર લાંબી કતારોમાં ઊભા હતા. બે કલાકથી વધુ સમય રાહ જોયા બાદ પણ ટોકન ન મળતાં દર્દીઓ અકળાઈ ઉઠ્યા હતા. દર્દીઓમાં બાળકો, વૃદ્ધો અને ગંભીર બીમારીવાળા લોકો પણ હતા, જેમને તાત્કાલિક સારવારની જરૂર હતી. સર્વર ડાઉન થવાના કારણે દર્દીઓની મુશ્કેલીમાં વધારો થતાં તેમના સગાં-સંબંધીઓએ હોસ્પિટલ પ્રશાસન સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. લોકોએ મનપા સંચાલિત હોસ્પિટલના વહીવટને રેઢીયાર ગણાવીને ઉગ્ર રજૂઆતો કરી હતી. એક રોષે ભરાયેલા દર્દીના સગાએ જણાવ્યું હતું કે, 'અમે સવારના વહેલા આવીને લાઈનમાં ઊભા છીએ. બે કલાકથી વધુ સમય થઈ ગયો પણ સર્વર ચાલુ નથી. દર્દીઓ અહીં પીડાઈ રહ્યા છે, આટલો સમય બગાડ્યાનો જવાબ કોણ આપશે?

હોબાળો વધતાં હોસ્પિટલના વહીવટી અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિને થાળે પાડવાના પ્રયાસો કર્યા હતા. ટેકનિકલ ટીમને તાત્કાલિક બોલાવવામાં આવી હતી અને સર્વરને ફરીથી શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. અવારનવાર સર્વર ડાઉન થવા જેવી સમસ્યાઓ સ્મીમેર હોસ્પિટલના બિનકાર્યક્ષમ વહીવટ પર મોટો સવાલ ઊભો કરે છે. એક તરફ મનપા શહેરને સ્માર્ટ સિટી બનાવવાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ તેની જ સંચાલિત હોસ્પિટલમાં સામાન્ય ટેકનિકલ ખામીને કારણે દર્દીઓને કલાકો સુધી હેરાન થવું પડે છે.

ભાવેશભાઈ રબારી (પૂર્વ કોર્પોરેટર, સુરત મહાનગરપાલિકા) એ જણાવ્યું હતું કે, હજારોની સંખ્યામાં જે ગરીબ દર્દીઓ છે એ સુરત મહાનગરપાલિકાની સ્મીમેર હોસ્પિટલની અંદર સારવાર લેવા આવે છે, ત્યારે આ સારવાર લેવા આવે છે ત્યારે તેની ટોકન લઈ અને જે સર્વર હોય છે, એના આધારે હોસ્પિટલના ઓપીડીમાં મોકલવામાં આવે છે. પણ એક પણ દર્દીને આજે બે કલાકથી સર્વર બંધ છે, એના કારણે એક પણ દર્દીઓને ઓપીડીમાં મોકલવામાં નથી આવતા.

પોતાની રોજી રોટી કમાનાર ગરીબ દર્દીઓ અહીંયા આવે છે, પરંતુ આ બે કલાકથી સર્વર અટવાયેલું છે. પરંતુ ઉપરી અધિકારીઓ છે, આરએમઓ હોય કે અહીંયાના હોસ્પિટલના જે પણ અધિકારીઓ હોય અથવા એસએમસીના અધિકારી છે બે કલાકથી કોઈ પણ ડોકાયા નથી. આજે અનેક દર્દીઓ અટવાયા છે, અનેક દર્દીઓ પોતાનો ધંધો રોજગાર છોડીને આવે છે, પરંતુ સ્મીમેરની અંદર જે લાલીયાવાડી ચાલે છે, એ વર્ષોથી લાલીયાવાડી ચાલે છે, એની સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં નથી આવતી. જેના કારણે આજે સર્વર ડાઉન છે બે કલાકથી, તેમ છતાં આજે દર્દીઓની વારે એક પણ અધિકારી કે એક પણ એવા ઉપરી અધિકારી અહીંયા દેખાતા નથી.

દર્દી સુરેશભાઈ કલાલે જણાવ્યું હતું કે, સ્મીમેર હોસ્પિટલમાં આવ્યા હતા ને, તો અડધા કલાક સુધી બહાર બેસાડી રાખ્યા. એટલે સર્વર ડાઉન છે. પછી એ પેલો કર્મચારી આવ્યો ને કહ્યું કે તમને વધુ તકલીફ હોય ને તો પ્રાઈવેટ હોસ્પિટલ જાવ. જેને લઈને તમામ લોકોએ વિરોધ કર્યો હતો.

# TRP ગેમઝોન અગ્નિકાંડના આરોપી ધવલ ઠક્કરના જામીન મંજૂર....

## દોઢ વર્ષમાં જ તમામ 15 આરોપીઓ જામીન પર મુક્ત થયા, અગ્નિકાંડમાં 27 લોકો જીવતા ભુંજાઈ ગયા હતા

**રાજકોટ, તા.03**

રાજકોટમાં ચકચારી TRP ગેમઝોન અગ્નિકાંડમાં 27 લોકો જીવતા ભુંજાઈ ગયા હતા. જે ઘટનાના દોઢ વર્ષમાં જ તમામ 15 આરોપીઓ જામીન પર મુક્ત થઈ ગયા છે. ટીઆરપી ગેમઝોનના સંચાલક ધવલ ભરત ઠક્કર કે જે ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર છે તેના જામીન આજે રાજકોટ શેસન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલા છે. તાજેતરમાં જ મનપાના અધિકારીઓ મનસુખ સાગઠિયા, ઈલેશ ખેર,ભીખા ઠેબા અને જમીનના માલિકના જમીન મુક્ત થયા હતા ત્યારે હવે બાકી રહેલા એક આરોપીનો પણ જામીન પર છૂટકારો થઈ ગયો છે.



ગત તા.25 મે 2024ની સાંજે રાજકોટના નાના મવા રોડ પર આવેલ TRP ગેમઝોનમાં આગ લાગતા 27 લોકોના મોત નિપજ્યા હતા જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં 16 આરોપી સામે ગુનો દાખલ થયો હતો. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો ધવલ ભરત ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર), રેસવે એન્ટરપ્રાઈઝના ભાગીદારો અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ કન્હેયાલાલ હીરન, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલિત રાઠોડ, ગેમઝોન મેનેજર નીતિન મહાવીરપ્રસાદ લોઢા (જૈન) હતા.

આ ઉપરાંત રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ ધનજી સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ ગૌતમ દેવશંકર જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ મુકેશ રામજી મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર રોહીત આસમલ વિગોરા, ટીપી શાખાના આસિસ્ટન્ટ એન્જીનીયર જયદીપ બાલુ ચૌધરી, રાજેશ નરશી મકવાણા, ચીફ ફાયર ઓફિસર ઈલેશ વાલા ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર ભીખા જીવા ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ભારતે 4 વર્ષમાં પહેલીવાર રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ઓછું કર્યું : અમેરિકા, સાઉદી અને UAEથી ખરીદી વધી....

**નવી દિલ્હી, તા.03**

ભારતે 4 વર્ષમાં પહેલીવાર રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ઓછું કરી દીધું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના રિપોર્ટ મુજબ, સપ્ટેમ્બર 2024માં રશિયાનો હિસ્સો 41% હતો, જે સપ્ટેમ્બર 2025માં ઘટીને 31% રહી ગયો. એનું એક મોટું કારણ ભારત પર અમેરિકાનો 25% વધારાનો ટેરિફ છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પનું કહેવું છે કે ભારત રશિયા પાસેથી ઓછી કિંમતે ક્રૂડ ઓઈલ ખરીદીને વેચી રહ્યું છે. એનાથી પુતિનને યુક્રેન યુદ્ધ ચાલુ રાખવામાં મદદ મળી રહી છે, જોકે આ એકમાત્ર કારણ નથી, જેના કારણે ભારત રશિયન ઓઈલ ખરીદવાથી દૂર રહી રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઝડપથી બદલાઈ છે.

એપ્રિલ 2022થી જૂન 2025 સુધી ભારતે રશિયા પાસેથી દરરોજ 17-19 લાખ બેરલ રશિયન ક્રૂડ ઓઈલ ખરીદ્યું. આનાથી ભારતને 17 અબજ ડોલરની બચત થઈ. ભારતીય કંપનીઓને પણ કરોડો રૂપિયાનો ફાયદો થયો, પરંતુ રશિયન ઓઈલ ખરીદવાને કારણે ટ્રમ્પે ઓગસ્ટમાં ભારત પર 25% ટેરિફ લગાવી દીધો.


ઈન્ડિયા ટુડેના એક રિપોર્ટ અનુસાર, ટ્રમ્પના વધારાના ટેરિફથી ભારતીય નિકાસને લગભગ 37 અબજ ડોલરનું નુકસાન થઈ શકે છે અને GDP વૃદ્ધિ દર 1% સુધી ઘટી શકે છે.

અમેરિકાએ નવેમ્બરમાં રશિયાની બે સૌથી મોટી ઓઈલ કંપનીઓ 'રોસનેફ્ટ' અને 'લુકોઈલ' પર કડક પ્રતિબંધો લગાવ્યા. આ બંને કંપની ભારતને રશિયાનું લગભગ 60% ઓઈલ સપ્લાય કરતી હતી. આનાથી ભારતને રશિયન ઓઈલનો સીધો સપ્લાય મુશ્કેલ બન્યો.

અમેરિકી પ્રતિબંધો લાગુ થતાં જ આ કંપનીઓ પાસેથી કોઈપણ પ્રકારની ચુકવણી, બેંકિંગ વ્યવહાર, વીમો કે શિપિંગ કરવું ગેરકાનૂની બની ગયું. આની સીધી અસર ભારત પર પડી, કારણ કે ભારતીય રિફાઈનરીઓ આ જ બે કંપની પર સૌથી વધુ નિર્ભર હતી.

પ્રતિબંધો લાગુ થયા પછી તરત જ ભારતીય બેંકોએ રશિયાની આ કંપનીઓને ચુકવણી રોકી દીધી. ચુકવણી અટકતાં જ ભારતીય ઓઈલ કંપનીઓએ પણ ખરીદીના ઓર્ડર પાછા ખેંચવાનું શરૂ કરી દીધું.

યુક્રેન યુદ્ધ પછી રશિયાએ 20-25 ડોલર પ્રતિ બેરલ સસ્તું ક્રૂડ ઓઈલ વેચવાનું શરૂ કર્યું. ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત 130 ડોલર પ્રતિ બેરલ હતી, આવી સ્થિતિમાં આ છૂટ ભારત માટે સસ્તી હતી.



જોકે હવે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત 63 ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. રશિયાએ પણ એની છૂટ ઘટાડીને 1.5 થી 2 ડોલર પ્રતિ બેરલ કરી દીધી છે. આટલી ઓછી છૂટમાં ભારતને પહેલા જેવો ફાયદો નથી મળતો, ઉપરથી રશિયાથી ઓઈલ લાવવામાં શિપિંગ અને વીમાખર્ચ પણ વધુ થાય છે.

આ જ કારણોસર ભારત હવે ફરીથી સાઉદી, UAE અને અમેરિકા જેવા સ્થિર અને ભરોસાપાત્ર સપ્લાયર્સ પાસેથી ઓઈલ ખરીદી રહ્યું છે, કારણ કે હવે કિંમતમાં પહેલાં જેવો મોટો તફાવત રહ્યો નથી.

યુરોપિયન યુનિયન (EU)એ એક નવો નિયમ બનાવ્યો છે, જે અંતર્ગત 21 જાન્યુઆરી 2026 પછી એ ભારત, તુર્કીયે અને ચીન જેવા દેશો પાસેથી એવું ડીઝલ, પેટ્રોલ કે જેટ ફ્યૂઅલ નહીં ખરીદે, જે રશિયન ક્રૂડ ઓઈલમાંથી બન્યું હોય.

આ નિયમ રશિયા પર આર્થિક દબાણ લાવવા માટે લાવવામાં આવેલા યુરોપના 18મા પ્રતિબંધ પેકેજનો એક ભાગ છે. અત્યારસુધી ભારત સસ્તું રશિયન ઓઈલ ખરીદીને એને રિફાઈન કરીને યુરોપને વેચતું હતું, પરંતુ હવે આ રસ્તો લગભગ બંધ થઈ જશે.

2024-25માં ભારતે રશિયન ઓઈલમાંથી બનેલાં ઉત્પાદનોનો લગભગ અડધો હિસ્સો યુરોપને વેચ્યો હતો, તેથી નવો નિયમ ભારત પર સીધી અસર કરે છે.

EU એ પણ ઈચ્છે છે કે વેચાણ કરતા દેશોએ સાબિતી આપવી પડે કે તેમના ઈંધણમાં રશિયન ઓઈલ નથી. આ માટે રિફાઈનરીએ પોતાની ક્રૂડ સ્ટ્રીમ અલગ રાખવી પડશે અથવા 60 દિવસ સુધી રશિયન ઓઈલનો ઉપયોગ બંધ કરીને બતાવવો પડશે. જો શંકા જાગે તો બેંક પણ ફાઈનાન્સિંગ રોકી શકે છે.

છેલ્લાં બે વર્ષમાં ભારતે રશિયા પાસેથી ઘણું વધારે ક્રૂડ ઓઈલ ખરીદ્યું છે. જ્યારે ભારતે રશિયાને ઘણું ઓછી નિકાસ કરી છે. આ અસંતુલનને કારણે રશિયા પાસે ઘણો ભારતીય રૂપિયો જમા થઈ ગયો છે.

રશિયા એને સરળતાથી ડોલરમાં બદલી શકતું નથી અને ન તો એને અન્ય દેશો સાથેના વેપારમાં ઉપયોગ કરી શકે છે.

આનું કારણ એ છે કે રૂપિયો આંતરરાષ્ટ્રીય સ્તરે હજુ એવી કરન્સી નથી, જેને દુનિયાના મોટા ભાગના દેશો સરળતાથી સ્વીકારી લે અથવા જેને વૈશ્વિક બજારમાં સરળતાથી બદલી શકાય. આવી સ્થિતિમાં રશિયા રૂપિયાનો ક્યાંય ઉપયોગ કરી શકતું નથી, તેથી તે એમાં ચુકવણી લેવાનું ટાળે છે.

આ ઉપરાંત રશિયા પાસેથી સસ્તું ઓઈલ ખરીદ્યા પછી સૌથી મોટી મુશ્કેલી ચુકવણીની આવે છે. અમેરિકા અને યુરોપે રશિયા પર અનેક પ્રકારના આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે. આ કારણે આંતરરાષ્ટ્રીય બેંકો રશિયા સંબંધિત લેણદેણ અંગે ખૂબ જ સાવચેત રહે છે. જ્યારે ભારત રશિયાને ચુકવણી મોકલે છે ત્યારે ઘણીવાર ટ્રાન્ઝેક્શન અટકી જાય છે અથવા મંજૂરી આપવામાં ઘણો સમય લાગે છે.

ડોલરમાં ચુકવણી કરવા પર અમેરિકી દબાણ અને પ્રતિબંધોનો ખતરો રહે છે, તેથી ઘણીવાર કોઈ ત્રીજા દેશની બેંક દ્વારા પૈસા મોકલવા પડે છે, જેનાથી પ્રક્રિયા વધુ જટિલ બની જાય છે. આ બધાની અસર ભારતીય ઓઈલ કંપનીઓ પર પડે છે. ઓઈલ ભલે સસ્તું હોય, પરંતુ ચુકવણી અટકવાથી શિપમેન્ટ પણ મોડું પહોંચે છે.


## પુતિને કહ્યું-જો યુરોપ યુદ્ધ ઈચ્છે છે તો રશિયા તૈયાર છે : પૂરી તાકાતથી જવાબ આપીશું, તેમની એવી હાર થશે કે કોઈ બચશે નહીં

**મોસ્કો, તા.03**

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મંગળવારે યુરોપિયન દેશોને કડક ચેતવણી આપી. તેમણે કહ્યું કે જો યુરોપે રશિયા વિરુદ્ધ યુદ્ધ શરૂ કર્યું, તો રશિયા સંપૂર્ણપણે જવાબ આપવા તૈયાર છે.

પુતિને કહ્યું કે રશિયા યુરોપ સાથે યુદ્ધ નથી ઈચ્છતું, પરંતુ જો યુરોપ યુદ્ધ શરૂ કરશે તો મામલો એટલો જલદી ખતમ થઈ જશે કે વાતચીત કરનાર કોઈ નહીં બચે.

પુતિને દાવો કર્યો કે યુક્રેનમાં રશિયા સંપૂર્ણપણે યુદ્ધ નથી લડી રહ્યું, પરંતુ સર્જિકલ ઓપરેશન જેવી સીમિત કાર્યવાહી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે જો યુરોપ સાથે સીધું યુદ્ધ થયું તો સ્થિતિ અલગ હશે અને રશિયા પૂરી તાકાતથી જવાબ આપશે.



યુક્રેન યુદ્ધ શરૂ થયાને ચાર વર્ષ થઈ ગયા છે. આ બીજા વિશ્વ યુદ્ધ પછી યુરોપનો સૌથી મોટો સંઘર્ષ છે. રશિયા હજુ સુધી પાડોશી યુક્રેન પર સંપૂર્ણ કબજો કરી શક્યું નથી. યુક્રેનને યુરોપિયન દેશો અને અમેરિકાનો મજબૂત ટેકો મળી રહ્યો છે.

યુરોપિયન દેશો અને યુક્રેનનું કહેવું છે કે જો પુતિન યુક્રેન યુદ્ધ જીતી જાય છે, તો તેઓ કોઈ નાટો દેશ પર હુમલો કરી શકે છે. જોકે, પુતિન આ દાવાને વારંવાર બકવાસ ગણાવી ચૂક્યા છે.

પુતિને કહ્યું કે યુરોપિયન દેશોએ પોતે જ રશિયા સાથે વાતચીતના રસ્તા બંધ કરી દીધા છે. તેથી હવે તેઓ યુદ્ધના પક્ષમાં ઊભા છે.

જર્મનીના વિદેશ મંત્રી યોહાન વેડફુલે 25 નવેમ્બરે દાવો કર્યો કે રશિયા આગામી ચાર વર્ષમાં કોઈપણ NATO દેશ પર હુમલો કરી શકે છે.

વેડફુલે જણાવ્યું કે જર્મન ગુપ્તચર એજન્સીઓ અનુસાર, રશિયા 2029 સુધીમાં NATO વિરુદ્ધ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. તેમનું કહેવું છે કે રશિયાની મહત્વાકાંક્ષા માત્ર યુક્રેન પૂરતી મર્યાદિત નથી. તેણે છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની સૈન્ય શક્તિ અને હથિયારોનું ઉત્પાદન ઘણું વધાર્યું છે.

તેમણે કહ્યું કે રશિયાએ પોતાની અર્થવ્યવસ્થા અને સમાજને મોટાભાગે યુદ્ધ અનુસાર ઢાળી દીધો છે. આ ઉપરાંત, રશિયા જરૂરિયાત કરતાં વધુ સૈનિકોની ભરતી કરી રહ્યું છે. લગભગ દર મહિને એક નવી ડિવિઝન તૈયાર કરવામાં આવી રહી છે.

## પાણીપતમાં 4 બાળકોની હત્યા, સાયકો કિલર મહિલા અરેસ્ટ

### પોતાના દીકરાને પણ પાણીમાં ડુબાડ્યો, સુંદર દેખાતા બાળકોને નિશાન બનાવતી હતી

**પાણીપત, તા.03**

હરિયાણાના પાણીપતમાં સાયકો કિલર મહિલાને બુધવારે પોલીસે ધરપકડ કરી. પૂછપરછમાં મહિલાએ 4 બાળકોની હત્યા કર્યાની કબૂલાત કરી છે.

તેણે પોતાની 6 વર્ષની ભત્રીજી અને દીકરાની પણ હત્યા કરી હતી. મહિલાએ જણાવ્યું કે દીકરાને પાણીમાં ડુબાડીને એટલા માટે માર્યો, કારણ કે તેણે એક હત્યા કરતા મહિલાને જોઈ લીધી હતી.

મહિલા સુંદર દેખાતા બાળકોને નિશાન બનાવતી હતી. તે એવું નહોતી ઈચ્છતી કે તેના બાળકો કરતાં વધુ સુંદર કોઈ બીજું બાળક દેખાય. હત્યા પણ એવી રીતે કરતી હતી જેથી કુદરતી મૃત્યુ લાગે.

ચારેય બાળકોને એક જ રીતે મોતને ઘાટ ઉતાર્યા. ચોથી હત્યા સમયે મહિલા પર શંકા ગઈ અને ત્યારબાદ કેસની તપાસમાં બધી માહિતી સામે આવી.



આ ચાર બાળકોની હત્યા કરી: એસપી ભૂપેન્દ્ર સિંહે જણાવ્યું કે સોનીપતના ભાવડ ગામના રહેવાસી નવીનની પત્ની પૂનમ બાળકોની હત્યા કરી રહી હતી. વર્ષ 2023માં આરોપી મહિલાએ પોતાની નણંદની દીકરી અને પોતાના દીકરાની હત્યા કરી હતી. ઓગસ્ટ 2025માં મહિલાએ સિવાહ ગામમાં પણ એક બાળકીને મોતને ઘાટ ઉતારી હતી.

ભાણીની હત્યા સાથે દીકરાને પણ માર્યો: મહિલાએ સૌથી પહેલા પોતાની ભાણીની હત્યા કરી હતી. જે સમયે મહિલાએ તેને ટબમાં ડુબાડી હતી, તે સમયે મહિલાનો દીકરો પણ તેની સાથે રમી રહ્યો હતો. જેણે પાણીમાં ડુબાડતા જોઈ લીધું હતું. એટલે મહિલાએ પોતાના દીકરાને પણ તે જ સમયે પાણીમાં ડુબાડીને મારી નાખ્યો હતો.

બે હત્યાઓની આ બનાવી કહાની: પછી કહાની બનાવી હતી કે બંને બાળકો એક સાથે રમી રહ્યા હતા. અચાનક શંકાસ્પદ સંજોગોમાં તેઓ પાણી સુધી પહોંચી ગયા. જ્યાં બંને પાણીમાં ડૂબી ગયા અને તેમનું મૃત્યુ થઈ ગયું. મહિલાના પોતાના દીકરાનું પણ મૃત્યુ થવાને કારણે કોઈને તેની કહાની પર શંકા થઈ ન હતી.

નિવૃત્ત SI દાદાએ શંકા વ્યક્ત કરી હતી: નૌલ્થા ગામમાં પાણીના ટબમાં ડૂબી જવાથી બાળકી વિધિ (ઉં.વ.6)નું મોત થયું હતું. બાળકીના દાદા, નિવૃત્ત SI પાલ સિંહે, બાળકીને પાણીમાં ડુબાડીને હત્યા કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસે મૃત બાળકીના દાદાની ફરિયાદના આધારે કેસ નોંધ્યો હતો.

ભાવડ ગામના રહેવાસી પાલ સિંહ 1 ડિસેમ્બરે સંબંધી સતપાલના પુત્ર અમનના લગ્નમાં ગયા હતા. સાથે પત્ની ઓમવતી, પુત્ર સંદીપ, પુત્રવધૂ અને 6 વર્ષની પૌત્રી વિધિ હતી. તે અને પુત્ર સંદીપ જાનમાં ગયા. થોડીવાર પછી ફોન પર માહિતી મળી કે વિધિ ગુમ થઈ ગઈ છે અને તે મળી રહી નથી.

આખો પરિવાર બાળકીની શોધમાં લાગી ગયો. લગ્નવાળા ઘરમાં પહેલા માળે સ્ટોર રૂમમાં વિધિનો મૃતદેહ મળ્યો. પાણીના ટબમાં વિધિનું માથું ડૂબેલું હતું અને તેના પગ જમીન પર હતા.

બાળકીના દાદા પાલ સિંહે આરોપ લગાવ્યા હતા કે કોઈ અજાણ્યા વ્યક્તિએ પાણીમાં ડુબાડીને બાળકીની હત્યા કરી છે. પોલીસે ફરિયાદના આધારે કેસ નોંધી તપાસ શરૂ કરી. આરોપી મહિલા નવીનની પત્ની પૂનમની ધરપકડ કરવામાં આવી. આરોપી મહિલા મૃતક બાળકીની સંબંધમાં કાકી છે.

## ટ્રમ્પના જમાઈ સાથે પુતિનની 5 કલાક બેઠક : રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું- ડોનબાસ લીધા વિના કોઈ શાંતિ નહીં, યુદ્ધ રોકવા પર નિર્ણય નહીં

**મોસ્કો, તા.03**

રશિયામાં રાષ્ટ્રપતિ પુતિન અને અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકૉફ અને રાષ્ટ્રપતિ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર વચ્ચે મંગળવારે યુક્રેન યુદ્ધ મામલે પાંચ કલાક બેઠક મળી હતી.

આટલી લાંબી બેઠક પછી પણ બંને પક્ષ કોઈ સમજૂતી પર પહોંચ્યા નહીં. પુતિનના ફોરેન પોલિસી એડવાઈઝર યુરી ઉશાકોવે કહ્યું કે વાતચીત ફાયદાકારક રહી, પરંતુ હજુ સુધી કોઈ એવો પ્રસ્તાવ સામે આવ્યો નથી જેના પર સહમતિ બની શકે. પુતિનનું સ્પષ્ટ કહેવું છે કે જ્યાં સુધી યુક્રેન, રશિયાને ડોનબાસનો વિસ્તાર નહીં સોંપે ત્યાં સુધી કોઈ સમજૂતી થશે નહીં.

ઉશાકોવે જણાવ્યું કે પુતિને અમેરિકાના શાંતિ પ્રસ્તાવના કેટલાક ભાગો સાથે સહમતિ દર્શાવી, પરંતુ ઘણી વાતો પર સ્પષ્ટપણે નારાજગી દર્શાવી.



તેમના મતે હજુ ઘણા મુદ્દાઓ પર વધુ કામ કરવું પડશે.

ઉશાકોવે એમ પણ કહ્યું કે હાલમાં પુતિન અને ટ્રમ્પની કોઈ નવી બેઠક નક્કી નથી અને આગળ તે આ વાત પર નિર્ભર કરશે કે શાંતિ યોજના પર કેટલુ ડેવલપમેન્ટ થાય છે.

જ્યારે આ વાતચીત ચાલી રહી હતી, તે જ સમયે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ સોશિયલ મીડિયા પર કહ્યું કે યુક્રેન અમેરિકન પ્રતિનિધિમંડળ તરફથી મળનારા સંકેતની રાહ જોઈ રહ્યું છે.

તેમણે કહ્યું કે અમેરિકન અધિકારીઓ વાતચીત પછી સીધા યુક્રેનને જણાવશે કે બેઠકમાં શું થયું અને તે પછી જ યુક્રેન પોતાનું આગલું પગલું નક્કી કરશે.

યુક્રેનના એક અધિકારીએ કહ્યું કે તેમને પહેલાથી જ અંદાજ હતો કે પુતિનનું વલણ કેવું રહેશે. તેઓ કેટલીક બાબતો પર સહમતિ અને કેટલીક પર સખત વાંધો ઉઠાવશે. હવે સવાલ એ છે કે અમેરિકા તેના પર કેવી રીતે પ્રતિક્રિયા આપે છે.

આ બેઠક પહેલાં જ પુતિને યુરોપ પર આરોપ લગાવ્યો કે તે અમેરિકાની શાંતિ યોજનામાં એવા ફેરફારો કરી રહ્યું છે જેનાથી વાતચીત આગળ ન વધી શકે. પુતિને એમ પણ કહ્યું કે રશિયા યુદ્ધ નથી ઈચ્છતું, પરંતુ જો યુરોપ લડાઈ શરૂ કરવા માંગે છે, તો રશિયા તૈયાર છે.

બીજી તરફ, વ્હાઈટ હાઉસે બેઠક પહેલા કહ્યું હતું કે તેમને આશા છે કે વાતચીતથી કેટલાક ડેવલપમેન્ટ થઈ શકે છે. અમેરિકન અધિકારીઓએ હાલમાં યુક્રેનિયન પ્રતિનિધિઓ સાથે ફ્લોરિડામાં મુલાકાત કરી હતી, જ્યાં શાંતિ યોજનામાં ઘણા ફેરફારો પર ચર્ચા થઈ.

એવું કહેવામાં આવી રહ્યું છે કે વર્તમાન શાંતિ યોજના અગાઉની 28 મુદ્દાની યોજનામાં સુધારો કરીને બનાવવામાં આવી છે, કારણ કે જૂની યોજનાને યુક્રેન અને યુરોપિયન દેશોએ રશિયાના પક્ષમાં ગણાવી હતી.

ઝેલેન્સકી હાલમાં યુરોપિયન દેશો સાથે પણ વાત કરી રહ્યા છે. તેમણે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી અને આયર્લેન્ડ પહોંચીને ત્યાંના વડાપ્રધાનને મળવાના છે. તેમનું કહેવું છે કે યુક્રેન કોઈપણ રાજદ્વારી પ્રયાસને અત્યંત ગંભીરતાથી લઈ રહ્યું છે અને તેની પૂરી કોશિશ છે કે એક મજબૂત શાંતિ અને સુરક્ષા ગેરંટી મળે.

તેમણે એમ પણ કહ્યું કે રશિયા શાંતિ પહેલા ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે જેથી અન્ય દેશોને પ્રભાવિત કરી શકાય.

વિટકૉફ અને પુતિન વચ્ચે આ આ વર્ષની છઠ્ઠી બેઠક હતી. આટલા પ્રયાસો છતાં હજુ સુધી કોઈ નક્કર સમજૂતી થઈ શકી નથી. અમેરિકા અને યુક્રેનને આશા છે કે વાતચીત આગળ વધશે, જ્યારે પુતિન સતત એ વાત પર અડગ છે કે યુક્રેનને તે વિસ્તારોમાંથી પાછળ હટવું પડશે જેને રશિયા પોતાનો ભાગ માને છે.

## ઈમરાનની બહેને કહ્યું- આસિમ મુનીર ઈસ્લામી કટ્ટરપંથી : ભારત સાથે યુદ્ધ ઈચ્છે છે, ઈમરાન BJP સાથે સંબંધો સુધારવા ઈચ્છતા હતા

**ઈસ્લામાબાદ, તા.03**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની બહેન અલીમા ખાનુમે સેના પ્રમુખ આસિમ મુનીરને ઈસ્લામી કટ્ટરપંથી અને રૂઢિવાદી ગણાવ્યા. તેમણે બુધવારે સ્કાય ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે મુનીર એવા લોકો સામે લડવા માંગે છે જેઓ ઈસ્લામમાં વિશ્વાસ નથી રાખતા.

અલીમાને જ્યારે મે મહિનામાં થયેલા ભારત-પાકિસ્તાન સંઘર્ષ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે સીધા જ આસિમ મુનીર પર આરોપ લગાવ્યા. તેમણે કહ્યું કે મુનીર પોતાની કટ્ટરપંથી વિચારસરણીને કારણે ભારત સાથે યુદ્ધ કરવા માગે છે.

અલીમાએ પોતાના ભાઈ ઈમરાન ખાનને ઉદારવાદી ગણાવ્યા. તેમણે કહ્યું કે જ્યારે ઈમરાન ખાન સત્તામાં આવ્યા ત્યારે તેમણે ભારત અને અહીં સુધી કે



BJP સાથે પણ સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો. જ્યારે મુનીર બોર્ડર પર તણાવ અને યુદ્ધનું વાતાવરણ બનાવે છે, જેનાથી ભારત અને તેના સહયોગીઓ પ્રભાવિત થાય છે.

અલીમા ખાનુમનો દાવો છે કે ઈમરાન પાકિસ્તાનના 90% લોકોનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી તેમને અલગ પાડીને શાહબાઝ શરીફની સરકાર પાકિસ્તાનના લોકોનું દમન કરી રહી છે.

અલીમાએ ઈમરાન ખાનને પાકિસ્તાન માટે 'એસેટ' ગણાવતા પશ્ચિમી દેશોને અપીલ કરી છે કે તેઓ તેમની મુક્તિ માટે મદદ કરે.

ઈમરાન ભ્રષ્ટાચારના કેસમાં 2023થી રાવલપિંડીની અડિયાલા જેલમાં બંધ છે.

ઈમરાને ગઈકાલે પોતાની બહેન ઉઝમા ખાન સાથે મુલાકાત કરી હતી. ઈમરાન 27 દિવસ પછી પરિવારના કોઈ સભ્યને મળ્યા હતા. આ પહેલા તેમણે 5 નવેમ્બરે પોતાની બહેન નૌરીન ખાન સાથે મુલાકાત કરી હતી. ગયા મંગળવારે ઈમરાન ખાનને મળવા તેમના સમર્થકો અને પરિવારજનો પહોંચ્યા હતા, પરંતુ જેલ પ્રશાસને તેમને મંજૂરી આપી ન હતી.

આ પછી એવી અફવા ફેલાઈ ગઈ હતી કે ઈમરાનનું મૃત્યુ થઈ ગયું છે અને પાકિસ્તાન સરકાર તેને છુપાવી રહી છે. આને લઈને પાકિસ્તાનમાં મોટો વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેને જોતા રાવલપિંડીથી લઈને ઈસ્લામાબાદ સુધી હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું.

## અફઘાનિસ્તાન- 13 વર્ષના બાળક પાસે અપાવી મૃત્યુદંડની સજા : 80 હજાર લોકો જોવા ઉમટી પડ્યા, દોષિતે બાળકના 13 સ્વજનોનો જીવ લીધો હતો

**કાબુલ, તા.03**

અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રદેશમાં મંગળવારે એક સ્ટેડિયમમાં 80 હજાર લોકોની સામે એક ગુનેગારને ગોળી મારી દેવામાં આવી. અમૂ ન્યૂઝ મુજબ, ગોળી મારવાનું કામ એક 13 વર્ષના છોકરાએ કર્યું.

જે માણસને 13 વર્ષના છોકરાએ માર્યો, તેના પર આરોપ હતો કે તેણે છોકરાના પરિવારના 13 લોકોની હત્યા કરી હતી. તેમાં ઘણા બાળકો અને મહિલાઓ પણ હતી.

ફાંસી પહેલાં તાલિબાન અધિકારીઓએ તે 13 વર્ષના બાળકને પૂછ્યું કે શું તે આરોપીને માફ કરવા માંગે છે. આ બાબતે બાળકે ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ અધિકારીએ બાળકને બંદૂક આપીને સામે ઉભેલા વ્યક્તિને ગોળી મારવા કહ્યું હતું.

તાલિબાનની સુપ્રીમ કોર્ટ મુજબ, માર્યો ગયેલો માણસ મંગલ ખાન હતો. તેણે અબ્દુલ રહેમાન નામના વ્યક્તિની હત્યા કરી હતી.

ખોસ્ત પોલીસ પ્રવક્તા મુસ્તગફિર ગોરબાઝના જણાવ્યા અનુસાર, મરનાર અને મારનાર બંને સંબંધીઓ હતા. આ કેસમાં અન્ય બે દોષિતોને પણ મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી છે, પરંતુ તેમને ફાંસી આપી શકાઈ નથી કારણ કે તે સમયે પીડિતોના કેટલાક વારસદારો હાજર ન હતા.

આના એક દિવસ પહેલા તાલિબાને સામાન્ય લોકોને નોટિસ જારી કરીને જાહેરમાં આ ઘટના જોવા માટે બોલાવ્યા હતા. તેમાં લોકોને ખોસ્તના સેન્ટ્રલ સ્ટેડિયમમાં એકઠા થવા માટે કહેવામાં આવ્યું હતું.



મંગલા ખાનને મૃત્યુદંડની સજા મળ્યા બાદ તાલિબાનની સુપ્રીમ કોર્ટે પ્રેસ રિલીઝ કરીને ઘટનાની જાણકારી આપી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે જાહેરમાં કિસાસ (જીવના બદલે જીવ)ની સજા તરીકે એક હત્યારાને મારી નાખવામાં આવ્યો છે.

ગુનેગાર મંગલા ખાન મૂળ પક્તિયા પ્રાંતનો હતો અને ખોસ્તમાં રહેતો હતો. તેણે ખોસ્તના જ અબ્દુલ રહેમાન, સાબિત અને અલી ખાનની હત્યા કરી હતી.

આ કેસની તાલિબાનની ત્રણ અદાલતો (પ્રાથમિક, અપીલ અને તમીઝ) દ્વારા ખૂબ જ ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી. ત્રણેય અદાલતોએ સર્વસંમતિથી 'કિસાસ'ના આદેશને મંજૂરી આપી.

આ આદેશને અંતિમ સ્વરૂપમાં મૌલવી હિબતુલ્લાહ અખુંદઝાદા (તાલિબાનના સર્વોચ્ચ નેતા) ને પણ મોકલવામાં આવ્યો હતો, જેમણે પોતાની મંજૂરી આપી હતી.

હત્યા દરમિયાન સ્ટેડિયમમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ, ખોસ્તના રાજ્યપાલ (ગવર્નર), ખોસ્ત અપીલ કોર્ટના પ્રમુખ, અને અન્ય સરકારી અધિકારીઓ તથા મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

15 ઓગસ્ટ 2021ના રોજ તાલિબાને ફરીથી અફઘાનિસ્તાનની સત્તા પર કબજો કર્યો હતો. ત્યારથી, આ 11મી વખત છે જ્યારે કોઈ વ્યક્તિને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. અમુ ટીવીના અહેવાલ મુજબ, છેલ્લા 4 વર્ષમાં તાલિબાન સુપ્રીમ કોર્ટે 176 લોકોને મૃત્યુદંડની સજા સંભળાવી છે.

તાલિબાન કાયદા હેઠળ, હત્યા, વ્યભિચાર અને ચોરી જેવા ગુનાઓ માટે મૃત્યુ, અંગ કાપવા અથવા કોરડા મારવા જેવી સજાઓ આપી શકાય છે.

## તંત્રી લેખ

# 11 વખત ધારાસભ્ય-સાંસદ રહેલા આઝમ ખાન હવે કેદી નંબર 425

17 નવેમ્બર 2025, બપોરનો સમય, પોલીસકર્મીઓ યુપીના પૂર્વ મંત્રી આઝમ ખાન અને તેમના પુત્ર અબ્દુલ્લાને રામપુરની MP-MLA કોર્ટમાંથી જિલ્લા જેલ લઈ જઈ રહ્યા હતા. પોલીસની ગાડીમાંથી ઊતરીને આઝમ ખાન જેલના મુખ્ય ગેટ પર ઊતર્યા, ત્યારે મીડિયાએ તેમને ઘેરી લીધા. તેમના હાથમાં ચશ્માંનો કેસ અને બિસ્કિટનાં 2 પેકેટ હતાં. પાછળ પુત્ર અબ્દુલ્લા પણ ગાડીમાંથી ઊતર્યા. આઝમને પૂછવામાં આવ્યું, બનાવટી પાન કાર્ડના કેસમાં તમને 7 વર્ષની સજા થઈ છે, શું કહેવા માગો છો? જવાબમાં આઝમ ખાન એટલું જ કહ્યું, 'સારું છે. કોર્ટે ગુનેગાર માન્યો, તો સજા સંભળાવી છે.' આઝમના આ જવાબમાં તેમની લાચારી સ્પષ્ટ દેખાઈ. આઝમ ખાન 5 વર્ષમાં 50 મહિના જેલમાં રહ્યા. રામપુરના લોકો પણ કહે છે કે હવે કોઈ નવા મામલામાં આઝમ ખાનના જેલ જવાથી નવાઈ નથી લાગતી, તેમ છતાં CM યોગી આદિત્યનાથે તેમના પર દયા કરવી જોઈએ. આઝમ ખાન પર બનાવટી દસ્તાવેજો આપવા, જમીન પચાવી પાડવા અને હેટ સ્પીચના 104 કેસ નોંધાયા, જેમાંથી 11માં ચુકાદો આવી ચૂક્યા છે. 6 મામલામાં સજા થઈ, 5માં નિર્દોષ છૂટ્યા. 2 મહિના પહેલાં 23 સપ્ટેમ્બરે આઝમ ખાન જામીન પર સીતાપુર જેલમાંથી બહાર આવ્યા હતા. 55 દિવસ સુધી પરિવારજનો સાથે રહ્યા. હવે બનાવટી પાન કાર્ડના કેસમાં ફરી જેલ પહોંચી ગયા છે. આઝમ અને તેમના પુત્ર અબ્દુલ્લા રામપુર જેલની બેરેક નંબર-1માં કેદ છે. અહીં આઝમ ખાનની ઓળખ કેદી નંબર 425ની છે. આ બેરેક તેમના ઘરથી માત્ર 200 મીટર દૂર છે. આ અંતર માત્ર એટલું છે કે તેમના મોહલ્લાની મસ્જિદમાં નમાઝ થાય છે, તો એનો અવાજ તેમને સંભળાય છે. 17 નવેમ્બરે બનાવટી પાન કાર્ડ સાથે જોડાયેલા 2 મામલામાં આઝમ અને અબ્દુલ્લા સુનાવણી માટે MP-MLA કોર્ટ પહોંચ્યા હતા. ત્યાં સુધી એ નક્કી નહોતું કે તેમને સજા મળી જશે. આ મામલો ડિસેમ્બર 2019માં સામે આવ્યો હતો, જ્યારે ભાજપના નેતા આકાશ સક્સેનાએ આઝમ-અબ્દુલ્લા વિરુદ્ધ FIR નોંધાવી હતી. 6 વર્ષ સુધી સતત તપાસ અને સુનાવણી ચાલતી રહી. આકાશ સક્સેના હવે રામપુરના ધારાસભ્ય છે. સુનાવણીના દિવસે કોર્ટમાં હાજર હતા. જજ શોભિત બંસલની સામે દલીલ શરૂ થઈ. સુનાવણી દરમિયાન આકાશ સક્સેનાએ આરોપ લગાવ્યો કે અબ્દુલ્લા આઝમની સાથે તેમના પિતા આઝમ ખાન પણ દોષી છે. 2017માં અખિલેશ સરકારમાં નગર વિકાસમંત્રી રહેતા આઝમ ખાને પોતાના પ્રભાવના જોરે લખનઉ નગર નિગમમાંથી પુત્રનું બનાવટી બર્થ સર્ટિફિકેટ બનાવડાવ્યું. એના જ આધાર પર બનાવટી પાન કાર્ડ બનાવડાવીને અબ્દુલ્લાને ચૂંટણી લડાવી. કોર્ટમાં રજૂ કરાયેલા પુરાવાઓ મુજબ, અબ્દુલ્લા આઝમે બે અલગ-અલગ જન્મ તારીખોના આધારે બે પાન કાર્ડ બનાવડાવ્યાં. એક પાન કાર્ડમાં જન્મ તારીખ 1 જાન્યુઆરી 1993 હતી, જ્યારે બીજામાં 30 સપ્ટેમ્બર 1990 નોંધાવવામાં આવી. આમ, અબ્દુલ્લા પોતાની અસલી જન્મ તારીખ પ્રમાણે 2017ની વિધાનસભા ચૂંટણીમાં 25 વર્ષની લઘુતમ ઉંમર પૂરી નહોતા કરતા.

# જા જા નીંદરા હું તને વારું! એમાં નરસિંહ, નિંદ્રાને શું કામ નકારે છે?!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવી પાસે લાખ સુખ સગવડો હોય, પણ એને ભૂખ મટાડવા ભોજન જોઈએ, તરસ છીપાવવા પાણી જોઈએ, અને થાકી ગયેલા અંગોનાં વિશ્રામ માટે નીંદર જોઈએ! આજ સુધી એનો કોઈ વિકલ્પ શોધાયો નથી! કે કોઈ એ એક કિલો ધાતું ભોજનમાં ખાધી! પેટ્રોલ ડિઝલ કે અન્ય પીણું પીધું અને થાકેલી ઈન્દ્રિયોને વિશ્રામ આપવા ઉઘાડી આંખે રહ્યાં! એમાં નીંદર જ જોઈએ! જોકે બીજું સત્ય એ છે કે નીંદરના ઘણા પ્રકાર છે, મોહ નિંદ્રા, તંદ્રા નિંદ્રા, ભોગ નિંદ્રા, અને આ ઉપરાંત અનિદ્રા અને અતિ નિંદ્રા પણ ખરી. આજનાં માનવીને સ્ટ્રેસને કારણે અનિંદ્રાનો રોગ થતો જોવા મળે છે, તો ન ખાવાનું ખાઈને અતિ નિંદ્રાથી પણ પીડાય છે! પરંતુ એ સિવાય મોહ નિંદ્રામાં આંખ પર મોહ એવી રીતે છવાઈ જાય છે કે, એને ખુલ્લી આંખે સત્ય દેખાતું નથી, અને એટલે જ મોહથી બચવાનાં ઉપાય તરીકેની નરસિંહની એક રચના 'જા જા નીંદરા હું તને વારું'!. વિશે ચિંતન કરીએ.

*નરસિંહ મહેતા*

(૧)જા જા નીંદરા! હું તને વારું

જા જા નીંદરા! હું તને વારું તું છો નાર ધુતારી રે

કવિ કહે છે કે હે નિંદ્રા તું મારી નજીક પણ આવતી નહીં! હું તને વારું છું, કારણકે તું ધૂતારી નાર છે! મને નિંદ્રામાં રાખી મને છેતરી જાય છે, લૂંટી લે છે.

(૨)જા જા નીંદરા! હું તને વારું

નીંદરા કહે હું નહી રે ધુતારી હું છું શંકર નારી રે

પશુ પંખીને સુખડાં આપું દુઃખડા મેલું વિસારી રે

જા જા નીંદરા! હું તને વારું

કવિની વાતનો વળતો ઉત્તર આપતાં નિંદ્રાની દેવી કહે છે, કે હું કંઈ ધૂતારી નથી, હું તો શંકરની શક્તિ છું, પશુ પંખીનાં અહીં તહીં ભટકાવનો થાક ઉતારી સુખ આપું છું, અને દુઃખ ને ભૂલાવું છું

(૩)એક સમે રામ વનમાં પધાર્યા લખમણને નીંદરા આવી રે

સતી સીતાને કલંક લગાવ્યું ભાયુમાં ભ્રાંતું પડાવી રે

જા જા નીંદરા! હું તને વારું

વળી કવિ કહે છે કે એકવાર રામ જ્યારે વનવાસ ગયાં હતાં ત્યારે, લક્ષ્મણને અહમ્ નિંદ્રા આવી અને એને કારણે શૂર્પણખાનાં નાક કાન કાપ્યા, શૂર્પણખા એ રાવણને સીતા વિશે કહ્યું, સીતાએ રેખા ઓળંગી, રાવણ એનું અપહરણ કરી ગયો, અને સતી સીતા પર કલંક લાગ્યું, રાવણ વિભિષણ બેય ભાઈઓમાં ભ્રાંતિ એટલે કે ભેદ કરાવ્યો.

જોગી લુંટયા ભોગી લુંટયા લુંટયા નેજા ધારી રે

એકલ શૃંગીને વનમાં લુંટયા નગરના લુંટયા નરનારી રે

જા જા નીંદરા! હું તને વારું

વળી કવિ આગળ કહે છે, કે તું કોઈને છોડતી નથી, સત્વગુણી જોગી પણ તારી વાતમાં આવી જાય છે,ભોગી તો કાયમ લૂટાવાં માટે તત્પર હોય છે, નેજાધારી એટલે પદ પ્રતિષ્ઠા વાળા હોય કે એકલ દોકલ ઋષિ મુનિ હોય એને વનમાં તે લૂંટી લીધાં, અને નગરના નર નારીને પણ તે મોહપાશમાં જકડી લીધા છે.

(૪)પહેલા પહોરે રોગી જાગે બીજા પહોરે ભોગી રે

ત્રીજા પહોરે તસ્કર જાગે ચોથા પહોરી જોગી રે

જા જા નીંદરા! હું તને વારું

કવિ કહે છે કે રાત્રીના પહેલાં પહોરે રોગી ઈચ્છવા છતાં સૂઈ શકતો નથી, બીજા પહોરે ભોગી કામના તૃપ્તિ માટે નિંદ્રાનો ત્યાગ કરે છે, અને એટલે જ તસ્કર એટલે કે ચોર રાત્રિના બે પહોર સુધી રાહ જોઈ, ત્રીજા પહેરમાં ચોરી કરે છે, પણ એક જોગી છે કે એ આત્મ શોધન માટે બ્રહ્મ મુહૂર્તમાં નિંદ્રાનો ત્યાગ કરે છે. માટે હેં નિંદ્રા તું મારાથી દૂર રહે!

બાર બાર વરસ લખમણે ત્યાગી કુંભકર્ણ એ લાડ લડાવ્યાં રે

ભલે મળ્યાં મેતા નરસૈંના સ્વામી આશ પુરો મોરારી રે

જા જા નીંદરા! હું તને વારું

રામાયણ કાળની વાત કરતાં કવિ કહે છે કે લક્ષ્મણે બાર બાર વર્ષ સુધી નિંદ્રાને દૂર રાખી, અને એ જ રીતે કુંભકર્ણએ નિંદ્રા ને છ મહિના માટે ગળે લગાડી! પણ નરસિંહ તો એનાં સ્વામીને કારણે નિંદ્રાનાં અતિરેકથી બચી ગયાં અને, હેં કૃષ્ણ આમ જ મારી આશા પૂરતાં રહો એમ કહે છે.

આ રચના નરસિંહની છે એટલે સ્થૂળ અર્થ પકડીએ, તો પણ પ્રમાદથી બચી શકાય, અને છતાં નરસિંહ નિંદ્રાને મોઢે બોલાવે છે, કે હું તો શંકરની શક્તિ છું! એટલે કે પ્રમાણસર નિંદ્રા જરુરી છે, અને એમ એણે સ્થૂળ નિંદ્રા શક્તિને સકારાત્મક અભિગમ સાથે સ્વીકારી છે. પરંતુ હકીકતમાં આ રચનામાં નરસિંહની દ્રષ્ટિ નિંદ્રા ને અજ્ઞાન સાથે સરખાવે છે, એટલે કે જેમ નિંદરનાં સમયે આંખ બંધ હોય માનવી કંઈ જોઈ શકતો નથી, બસ એ જ રીતે અજ્ઞાન સત્યને ઢાંકી દે છે. આગળ નરસિંહ આ નિતાંત સત્યને ઉદાહરણ સાથે રજૂ કરતાં કહે છે કે નિંદ્રા રુપી અજ્ઞાન કોઈને છોડતું નથી, પછી ભલે તે જોગી કેમ ન્હોય, ભોગી ને વિષય વિલાસની ઈચ્છાનું અજ્ઞાન, પદ પ્રતિષ્ઠા ધારી હોય એને અહમનું અજ્ઞાન ઘેરી વળે છે, જ્યારે વનમાં વાસ કરનાર ઋષિ અને મુનિઓ પણ પોતાના નિયમોનાં આગ્રહનુ અજ્ઞાન ભૂલ કરાવે છે. નગરમાં વસતાં નર નારીને પણ કોઈને કોઈ પ્રકારે અજ્ઞાન રુપી નિંદ્રા અનિતી તરફ દોરી જાય છે.આ પંક્તિમાં નરસિંહ અજ્ઞાનની કક્ષા બતાવે છે કે જેનામાં થોડું અજ્ઞાન છે એ પહેલાં પહોરે સૂઈ શકતો નથી, વિષય વસ્તુની કામના જેને ઘેરી વળે છે, એ રજોગુણી માનવી કંઈ રીતે ભોગ મેળવવો એની માટે બે બે પહોર સુધી જાગે છે, એટલે કે અજ્ઞાનની માત્રા વધે ત્યારે એ લાંબા સમય સુધી સત્ય ને જોવા દેતી નથી. જ્યારે તસ્કર એટલે કે અજ્ઞાનની ત્રણ ત્રણ ગણી માત્રા થાય ત્યારે એ તસ્કર જેમ લાંબા સમય સુધી કેમ પચાવી પાડવું કે છીનવી લેવું એની વેતરણમાં નીંદરની સકારાત્મક શક્તિથી વંચિત થાય છે! જ્યારે સત્વ ગુણની તરફેણ કરતાં નરસિંહ કહે છે કે એક જોગી છે, જે સત્ય કે સત્વ તત્વની શોધ માટે રજોગુણ રુપે કે તમોગુણ રુપેનાં અજ્ઞાનને ત્યજી શકે છે. પરંતુ હજી આગળ સમજાવતા કહે છે કે લક્ષ્મણ એ બાર વર્ષ, કદાચ પ્રાસ માટે બાર શબ્દ પસંદ કર્યો, અથવા બાર વર્ષની જાગૃતિ પર્યાપ્ત છે, એટલે કે લક્ષ્મણે બાર વર્ષ સુધી અજ્ઞાન રુપી નિંદ્રા ન આવી જાય એ માટેની જાગૃતિ રાખી, જ્યારે કુંભકર્ણ એ અજ્ઞાન રૂપી નિંદ્રા ને છ મહિના માટે ગળે વળગાડી! અને એટલે જ જાગૃતિના છ માસ વિફળ રહ્યા, સત્યને જાણવાં છતાં એને સ્વીકારી શક્યો નહીં, અને પ્રમાદ મૃત્યુ જેમ પડી રહ્યો, અને કંઈ જ મેળવ્યાં વગર મૃત્યુ પામ્યો. પોતાને તો કૃષ્ણ મળી ગયા, એટલે અજ્ઞાન રુપી નિંદ્રા થી દૂર રહીને ક્ષણે ક્ષણની જાગૃતિ બરકરાર રાખી શક્યા! અને અંતમાં કહે છે કે હે કૃષ્ણ તું આમ જ અજ્ઞાન રુપી નિંદ્રાથી દૂર રહેવાની મારી આશ પુરતો રહેજે. છેલ્લી પંક્તિમાં નરસિંહ કહે છે કે ક્ષણે ક્ષણની જાગૃતિ વગર અજ્ઞાનથી બચી શકાતું નથી, અને આવી જાગૃતિ એમ કૃષ્ણ કૃપા વગર પ્રાપ્ત થતી નથી. આપણે સૌ અજ્ઞાન રૂપી નિંદ્રાનું સાચું વલણ પારખી શકીએ, અને એ રીતે એનાથી જેટલું બચી શકાય એટલું બચીને જ્ઞાનનાં પ્રકાશમાં જીવન અજવાળી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.



# 03 ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ મનોદિવ્યાંગ પાર્થનું અનોખુ કૌશલ્ય



**અમદાવાદ, તા. 03**

પાર્થને કહો ચડાવે બાણ હવે સંગીત એજ કલ્યાણ.. 32 વર્ષીય દિવ્યાંગ પાર્થે સંગીતક્ષેત્રે અનોખી સિધ્ધી હાંસલ કરી છે.આંતરિક શક્તિ થકી મનો દિવ્યાંગ પાર્થભાઇએ અલગ અલગ 101 થી વધુ જુના અને નવા ગુજરાતી અને હિન્દી ગીતો પર કાંગો વડે સંગીત રેલાવાની અનન્ય સિધ્ધી હાંસલ કરી છે

વર્ષ 1993માં જન્મેલ પાર્થની તબિયત નાદુરસ્ત હતી .જેતે સમયે ડોક્ટરની સલાહ લેતાં પાર્થ માનસિક દિવ્યાંગ છે તેવી જાણ થતાં પાર્થના માતા-પિતા હતાશ થઇ ગયા હતા પાર્થને સામાન્ય કરવા માટે દવા-દુવા જેવા અનેક પ્રયત્નો કર્યા પરંતુ પરિસ્થતિમાં સુધારો જોવા ન મળ્યો. પરંતુ પાર્થ ના પિતા સંગીતક્ષેત્રે રૂચી ધરાવતા હોવાથી ઘરે સંગીતના વાદ્ય વગાડવાનું પાર્થ જોતો અને શરૂઆત થઇ પાર્થની અનોખી સિધ્ધીની

પાર્થની સંગીતક્ષેત્રે વાદ્ય વગાડવાની કલા જોઇને મોટા ભાગનો સમય પાર્થ સાથે તેના પિતા ગાળવા લાગ્યા. પાર્થ પણ કશબના કલાકારની જેમ સંગીતક્ષેત્રે વાદ્ય વગાડવાની ખૂબી હતી. મનો દિવ્યાંગ બાળકો સામાન્ય રીતે આ પ્રકારનો વાદ્યસંગીત વગાડતા આવડતુ નથી .જ્યારે વાંચતા અને લખતા પણ ન આવડતા પાર્થે દક્ષિણ કોરીયામાં યોજાયેલ મ્યુઝિક ઓલ્મિપિકમાં ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે દક્ષિણ કોરીયામાં ભાગ લેનાર ભારતીયોમાં માત્ર એક પાર્થ કાંગો પ્લેયર હતો.જેના પગલે પાર્થને યંગેસ્ટ સ્પેશ્યલ સક્ષમ કોંગો પ્લેયર તરીકે બિરદાવવામાં આવ્યો છે. નવજીવન ચેરીટેબલ સંચાલિક ડો હરીકૃષ્ણ ડાહ્યાભાઇ સ્વામી સ્કૂલ ફોર મેન્ટલ ડિસેબલનો વિધાર્થી પાર્થે કાંગો વાદ્યમાં નિપૂણતા મેળવી છે.પિતા પાસેથી મ્યુઝિક,દાદા પેઇન્ટરથી પ્રેરણા લઇને પાર્થે તેની સર્જનાત્મક શક્તિથી સિધ્ધી હાંસલ કરી છે, દેશના પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં દિવ્યાંગોને રમત ગમત ઉપરાંત કેળવણી તેમજ વિવિધ ક્ષેત્રે વિશ્વકક્ષાની સવલતો મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા અનેકો પ્રયત્નો થઇ રહ્યા છે.આજે રાષ્ટ્રના અનેકો દિવ્યાંગોએ સરકારની સ્પષ્ટ નિતિને કારણે તેમની અનોખી સિધ્ધી હાંસલ કરી છે, આજે પાર્થનું જીવન દિવ્યાંગ માટે જ નહિ પરંતુ સામાન્ય લોકો માટે પણ પ્રેરણા સ્ત્રોત બન્યુ.

# દિમાગ ખુબ તેજ જોઇએ કોઈની ભુલ કાઢવા, પણ એક સુંદર હૃદય જોઈએ પોતાની ભુલ સ્વીકારવા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે આગળ જોઈએતો મારા ભક્તોએ મારા હ્રદયને વશ કર્યું છે.મારા ભક્તો મને પ્રિય છે. મારા ભક્તો મારા સિવાય મુક્તિનીપણ ઈચ્છા કરતા નથી. ભક્તો મારું હ્રદય છે અને હું ભક્તોનું હ્રદય છું.હું તેમને કેમ છોડી શકું?

દુર્વાસા વિચારમાં પડી ગયા કે, ભગવાન તો છૂટી પડે છે.તો હવે મારે અંબરીષનું શરણું લેવું પડશે. આ તો ભારે થઈ!પણ ભારે થાય કે હલકી થાય. ભગવાન કહે છે, દુર્વાસાજી,તમે ભક્તરાજ અંબરીષની ક્ષમા માંગો તો આ સુદર્શનચક્રનો વેગ શાંત થશે.હવે દુર્વાસા સમજી ગયા કે,મેં ભૂલ કરી,તપસ્વી થઈને હું ભૂલ્યો તપ અને વિદ્યા,વિવેક વિના હોય તો નકામા ભારરૂપ થઈ પડે છે.વિદ્યા વિનયથી શોભે છે,નહીં તો વ્યર્થ જાય છે.હવે દુર્વાસાને લાગ્યું કે, ભૂલ પોતાની જ હતી.અંબરીષે માત્ર જળ લીધું હતું,તે પણ વ્રત નો ભંગ ન થાય એટલા માટે. એમ કરીને અંબરીષે એની વ્રત મર્યાદા સાચવી છે,જ્યારે મેં મારી ધર્મ મર્યાદા તોડી છે.

દુર્વાસા અંબરીષ પાસે આવ્યા. વંદન કરવા જાય છેત્યાં અંબરીષ કહે છે,ના,ના,મહારાજ,તમે મને વંદન કરો એ મને શોભે નહીં. અંબરીષ સુદર્શન ચક્રને કહે છે કે, આજદિન સુધી જો મેં કંઈપણ દાન કર્યું હોય,યજ્ઞ કર્યો હોય સેવા કરી હોય,તો તે પુણ્ય પ્રતાપે હે સુદર્શનચક્ર,તમારો વેગ શાંત થાઓ સુદર્શનચક્ર તરત શાંત થયું

અંબરીષની કથા પાછળ થોડું રહસ્ય છે.

અંબરીષએ શુદ્ધ ભક્તિનું સ્વરૂપ છે તેથી ચરિત્રના આરંભમાં એક એક ઈન્દ્રિયની ભક્તિ બતાવી છે. અંબરીષનું ચરિત્રએ ભક્તિનું ચરિત્ર છે. દુર્વાસા દુર્વાસનાનું સ્વરૂપ છે તે ભક્તિના આરંભમાં વિઘ્ન કરવા આવેછે.હું મોટો અને બીજાનાના અને હલકા એવું સમજવુંએ દુર્વાસના બધા મારી જ સેવા કરે,હું કોઈની નહીં કરું એ દુર્વાસા.બીજાને દુઃખ આપવાની દુર્વાસાની ભક્તિમાં વિઘ્ન કરવા આવેછે ભક્તિમાં અહંભાવ જાગે તો સમજવું કે દુર્વાસના આવી.દુર્વાસનામાંથી અભિમાન જાગે છે અભિમાનમાંથી ક્રોધ જાગેછે અને ક્રોધમાંથી કૃત્યા ભક્તિને મારવા જાય છે,ત્યાં જ્ઞાનરૂપી સુદર્શનચક્ર ભક્તની મદદે આવે છે જ્ઞાન કૃત્યાને મારી નાખે છે.જો ભક્તિ શુદ્ધ હોય તો તેને કર્કશવાણી કાંઈ કરી શકતી નથી.નિંદાની અસર મન ઉપર થાય એ સાચો વૈષ્ણવ નથી. કર્કશવાણી સહન કરશો તો સુખી થશો.કર્કશવાણી કાઢનાર જ છેવટે તો દુઃખી થાય છે અંબરીષને દુર્વાસાએ કડવાં વચનો કહ્યાં,તો પણ તેઓ તેના ઉપર ગુસ્સે થતા નથી.છેલ્લે દુર્વાસા જ્યારે અંબરીષની પ્રશંસા કરવા લાગ્યા,ત્યારે પણ અંબરીષ પર પ્રશંસાની અસર થતી નથી. કારણ ભક્તો નિંદાસ્તુતિને સમાન સમજે છે. નિંદા કરો,સ્તુતિ કરો, બધું સરખું છે.

ભક્તિ કરો તો અંબરીષના જેવી. અંબરીષની ભક્તિથી ભગવાનને પણ કહેવું પડ્યું કે,હું તો ભક્ત પરાધીન છું. વૈરાગ્ય આવ્યા વગર ભક્તિ થતી નથી.જ્યાં ભક્તિ હોય છે ત્યાં જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર રક્ષણ કરવા હાજર હોય છે. બધામાં ઈશ્વર છે એવું જ્ઞાન થાય એ ખરું જ્ઞાન.એવાં જ્ઞાન વગર ભક્તિ આવતી નથીઅને દ્દઢ થતી નથી. જ્ઞાનથી સમભાવ જાગે સમતા જાગે, ત્યારે જ્ઞાની થવાય.

ભક્તિસિદ્ધ થઈ તેને સર્વશાસ્ત્રોનું જ્ઞાન થઈ ગયું સમજવું.ભગવાન ના નામનો મહિમા જે સમજ્યો છે તે સકળ શાસ્ત્રોનો સાર પામી ચૂક્યો છે.તે ચાર વેદ ભણી ચૂક્યો છે,કારણ કે શાસ્ત્રનું રહસ્ય તેની મૂઠીમાં પકડાઈ ગયું છે. જેણે નામ જાણ્યું તેણે સર્વ જાણ્યું.દુર્વાસાને પ્રેમથી જમાડી અંબરીષે ક્ષમા માંગી છે.સાચો વૈષ્ણવ પરદોષ જોતો નથી, પોતાનો જ દોષ જુએ છે. અંબરીષને પોતાની જીત થઈ એવો ખ્યાલ પણ નથી. સમદષ્ટિને જીત શું ને હાર શું?અંબરીષને કાંઈ અભિમાન થતું નથી.તે તો કહે છે કે, જીત હોય તો ઈશ્વરની છે, મારી નથી. જીત પોતાની માને તેની અવશ્ય હાર થાય છે.દુર્વાસા જી કહે છે કે,ધન્ય છે અંબરીષને કે જે ઘરમાં રહીને સંન્યાસી જેવું જીવન ગાળે છે.હું તો વનમાં જઈ રહ્યો અને છતાં ક્રોધને તો હુંજીતી શક્યો નહીં.

શુકદેવજી કહે છે કે,હું તો લંગોટી સંન્યાસી થયો છું,પણ આ અંબરીષ તો રાણીઓ સાથે રાજ મહેલમાં રહીને સંન્યાસી જેવો રહ્યો છે.એટલે મારા કરતાં અંબરીષ શ્રેષ્ઠ છે,તેથી હું અંબરીષની કથા કહું છું,ભક્તિ નો આવો મહિમા છે.મનુ મહારાજને ઈક્ષ્વાકુ નામનો પુત્ર થયો.તે વંશમાં માંધાતાનામે રાજા થયો.માંધાતાને પચાસ કન્યાઓ છે.ભગવદ્ ગીતાજ્ઞાનમાં છેલ્લે જોઈએ તો રાતનો સમય હતો. ચારે બાજુ સંપૂર્ણ અંધકાર હતો. ફક્ત એક જ ઓરડો પ્રગટાવવા માં આવ્યો હતો.ત્યાં ચાર મીણ બત્તીઓ સળગી રહી હતી. એકાંત જોઈને,ચારેય મીણબત્તી ઓ એકબીજા સાથે વાત કરવા લાગી.


પહેલી મીણબત્તીએ કહ્યું, 'હું શાંતિ છું.જ્યારે હું આ દુનિયા જોઉં છું,ત્યારે મને ખૂબ દુઃખ થાય છે. ચારે બાજુ અરાજકતા, લૂંટફાટ અને હિંસા છે.આવી પરિસ્થિતિમાં અહીં રહેવું ખૂબ મુશ્કેલ છે.હું હવે અહીં રહી શકતી નથી.'આટલું કહીને,મીણ બત્તી બુઝાઈ ગઈ.

બીજી મીણબત્તીએ પણ પોતાના મનના વિચાર કહેવાનું શરૂ કર્યું, 'હું શ્રદ્ધા છું.મને લાગે છ ે ક ે જૂ ઠ ા ણું છેતરપિંડી,અપ્રમાણિકતા મારા અસ્તિત્વનો નાશ કરી રહી છે.આ જગ્યા હવે મારા માટે લાયકનથી. હુંપણ જઈ રહી છ ું. ' આ ટ લુ ં ક હ ી ને બીજીમીણબત્તી પણ બુઝાઈ ગઈ

ત્રીજી મીણબત્તી પણ ઉદાસ હતી તેને કહ્યું,'હું પ્રેમ છું.હું દરેક ક્ષણે દરેક માટે સળગી શકુંછું.પરંતુ હવે કોઈની પાસે મારા માટે સમયનથી સ્વાર્થ અને નફરત મારી જગ્યા લઈ રહી છે.લોકો પાસે તેમના પ્રિયજનો માટે પણ પ્રેમ બચ્યો નથી.હું હવે આ સહન કરી શકતી નથી. મારા માટે જવું વધુ સારું રહેશે.'આટલું કહીને, ત્રીજી મીણબત્તી પણ બુઝાઈ ગઈ. ત્રીજી મીણબત્તી બુઝાઈ રહી હતી કે એક બાળક રૂમમાં પ્રવેશ્યું મીણબત્તીઓ ઓલવાઈ ગયેલી જોઈને તે ખૂબ જ દુઃખી થયો. તેની આંખોમાં આંસુ આવી ગયા. ઉદાસ હ્રદય સાથે તેણે કહ્યું,'તું મારા જીવનને આ રીતે અધવચ્ચે કેવી રીતે છોડી શકે?તારે અંત સુધી બળવાનું હતું.પણ તે મને છોડી દીધો.હવે હું શું કરીશ?' ત્રીજી મીણબત્તી પણ ઉદાસ હતી તેને કહ્યું,'હું પ્રેમ છું.હું દરેક ક્ષણે દરેક માટે સળગી શકુંછું.પરંતુ હવે કોઈની પાસે મારા માટે સમયનથી સ્વાર્થ અને નફરત મારી જગ્યા લઈ રહી છે.લોકો પાસે તેમના પ્રિયજનો માટે પણ પ્રેમ બચ્યો નથી.હું હવે આ સહન કરી શકતી નથી. મારા માટે જવું વધુ સારું રહેશે.'આટલું કહીને, ત્રીજી મીણબત્તી પણ બુઝાઈ ગઈ. ત્રીજી મીણબત્તી બુઝાઈ રહી હતી કે એક બાળક રૂમમાં પ્રવેશ્યું મીણબત્તીઓ ઓલવાઈ ગયેલી જોઈને તે ખૂબ જ દુઃખી થયો. તેની આંખોમાં આંસુ આવી ગયા. ઉદાસ હ્રદય સાથે તેણે કહ્યું,'તું મારા જીવનને આ રીતે અધવચ્ચે કેવી રીતે છોડી શકે?તારે અંત સુધી બળવાનું હતું.પણ તે મને છોડી દીધો.હવે હું શું કરીશ?'

બાળકના શબ્દો સાંભળીને ચોથી મીણબત્તીએ કહ્યું,'ચિંતા ના કર બાળક.હું આશા છું,અને હું તારી સાથે છું.જ્યાં સુધી હું બળી રહી છું,ત્યાં સુધી તું મારી જ્યોતથી બીજી મીણબત્તીઓ પ્રગટાવી શકે છે.'ચોથી મીણબત્તીનાશબ્દો સાંભળીને બાળકે પોતાનું મન શાંત કર્યું.તેણે શાંતિ,વિશ્વાસ અને પ્રેમને આશા સાથે ફરીથી જાગૃત કર્યો.

વાચક ચાહકમિત્રો,જય માતાજી, જીવન ક્યારેય એકસરખું રહેતું નથી.ક્યારેક તે તેજસ્વી હોય છે, ક્યારેક તે અંધકારમય હોય છે. જ્યારે જીવનમાં અંધકાર છવાઈ જાય છે,ત્યારે મન બેચેન બને છે, શ્રદ્ધાડગમગી જાય છે,અનેદુનિયા પરાયું લાગે છે.પછી આશાનો દીવો પ્રગટાવો.જ્યાં સુધી આશા નો દીવો બળે છે,ત્યાં સુધી જીવન ક્યારેય અંધકારમય ન હોઈ શકે. જીવનમાં બધું આશા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.તો ક્યારેય આશા છોડશો નહીં.આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.



# 03 ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ, એંસી ટકા મનોદિવ્યાંગ જય ગાંગડીયા ચિત્રકળાથી જીવનની રેસમાં વિજયી બન્યો

## જયે 450થી વધુ પેઈન્ટીંગ,30 જેટલા એક્ઝીબીશેન, અને 18 ડ્રોઇંગ હરીફાઇમાં ભાગ લીધેલ, દિવ્યાંગ જયની સંવેદન-કોરાના કાળમાં પેઈન્ટીંગની આવકના 5100 રૂપિયા PM CAREમાં દાન કર્યા

**અમદાવાદ, તા. 03**

આ વાત છે અમદાવાદમાં રહેતા એવા જયની જેને મગજના લકવા જેવો રોગ થયા બાદ પણ તેની ચિત્રકળા થકી વિજયી બન્યો. મહેશ ગાંગડીયાના પુત્ર દિવ્યાંગ જય ગાગડીયાને દત્તક લીધેલ હતો. દત્તક લીધાના ત્રણ દિવસ બાદ જયને કમળો થઇ જતાં તેના તાવ અને ખેંચ આવવાથી સેરેબલ પાલસી નામની બીમારીનો શિકાર બન્યો , 80 ટકા દિવ્યાંગ જયને મગજથી જે શારીરિક કમાન્ડ ન મળતાં તેને બેલેન્સ રહેતું નથી જેથી બોલવામાં પણ તકલીફ પડે છે.જોકે ઈશ્વર તમામ દરવાજા બંધ કરી દે છે પરંતુ એક દરવાજો ખોલે છે તે પ્રમાણે જયનું IQ લેવલ સારુ છે. જયના માતા-પિતાએ તેના અભ્યાસ માટે ખાસ ટીચરને બોલાવા હતા તેઓએ જયને યુનિક ચિલ્ડ્રન ક્લબમાં વિવિધ પ્રોગ્રામ થઈ રહ્યા છે ત્યાં આવા સ્પેશલ બાળકોને ખાસ મોટીવેટ કરવામાં આવે છે તેની વાત કરી. જયના માતા-પિતા અતુલભાઈની આ



સંસ્થામાં જોડાઇ ગયા અને ત્યાર બાદ મુંબઈથી 2017 માં આવેલા એક આર્ટિસ્ટ બેન શેફાલી બહેને પેઈન્ટિંગ નું વર્કશોપ રાખ્યું હતું જેમાં 40 સ્પેશ્યલ બાળકોએ સુંદર પેઈન્ટિંગ બનાવ્યા હતા જેમાં જય ગાંગડીયાનો પ્રથમ નંબર આવ્યો અને ત્યારથી શરૂઆત થઇ જયની ચિત્રકળા મુસાફરીની જયના માતા-પિતા આ કળાને નિખારવા માટે તનતોડ મહેનત કરી જયને તમામ વસ્તુઓ આપતા ગયા અને જય કળાનો કસબી બન્યો અને આ ક્ષેત્રમાં આગળ વધતો ગયો .જય છેલ્લા 7વર્ષ થી કેન્વાસ પર પેઈન્ટિંગ કરે છે . જય ગાગંડિયાએ 450 થી વધુ પેઈન્ટિંગ કરેલા છે તેમાંથી 150 થી વધુ પેઈન્ટિંગ તેને મહાનુભાવો, ડૉક્ટર અને મિત્ર મંડળને ભેટ આપેલ છે. જયને તેના પેઈન્ટીંગ માટે ને 1 સોલો એક્ઝિબિશન અને 30 જેટલા એક્ઝિબિશન કરેલ છે. આ ઉપરાંત 18 જેટલી ડ્રોઈંગ કોમ્પિટિશન માં ભાગ લઈ ઘણા મેડલ અને સર્ટિફિકેટ મેળવ્યા છે જયની સંવેદના સામાન્ય માનવીને પણ આંજી દે તેવી છે. જયે કરેલ એક્ઝિબિશન દરમિયાન વેચાણ થયેલા પેઈન્ટિંગની આવકમાંથી કોરોનાના સમયે રૂ 5100/-PM Care Fund મા દાન કર્યું હતું જે તેની અન્યય સંવેદના દર્શાવે છે જય તેના પેઈન્ટિંગનું વેચાણ આર્ટ ગેલેરી મારફત, ઓનલાઈન અને બહોળા મિત્ર મંડળ, ફેન દ્વારા કરે છે જેના પગલે જય આજે આત્મનિર્ભર, આત્માસન્માનિત થયો છે. વધુમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ



મોદીના 73 મા જન્મદિવસ સમયે જયે ‘શબ્દ રંગ ‘પેઈન્ટિંગ કોમ્પિટિશન મા કાવ્ય સંગ્રહ ‘આંખ આ ધન્ય છે ‘મા તેમની કવિતા ‘માડી મને કૌવત દેજે, માડી મને દૈવત દેજે ‘ નામની કવિતા પરથી ચિત્ર બનાવવાનું તેને મળેલ તે પરથી તેને ખુબ જ સરસ પેઈન્ટિંગ ‘Miss you Mom’ બનાવ્યું હતું જેના પગલે જને ‘વિનર ફોર બેસ્ટ પેઈન્ટિંગ ‘નો એવોર્ડ મળેલ છે.અત્રે ઉલ્લેખનીય છેકે જયની માતા વર્ષ 2019માં અવસાન થવાના પગલે આ Miss you Mom’ પેઈન્ટીંગ તેમના ઈમોશન સ્પષ્ટપણે જણાતા હતા જય ખુબ જ ગૌરવ અપાવે તેવો પુરસ્કાર મળ્યો છે 3 ડિસેમ્બર 2023 ના રોજ રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુ ના હસ્તે ‘શ્રેષ્ઠ દિવ્યાંગ જન -2023‘ નો એવોર્ડ મળ્યો છે. જયની શારીરિક તકલીફ હોવા છતાં તેની પેઈન્ટિંગ પ્રત્યે ની અથાગ મહેનત અને ધગસ, ઈશ્વરકૃપા થકી આજે જયે અનોખુ નામ ઉભુ કર્યુ છે જેના મુળમાં જયની મહેનત રહેલી છે. ‘એક નયી ઉડાન ‘ જય હવે તેનું પ્રથમ ઈન્ટરનેશનલ આર્ટ એક્ઝિબિશન દુબઈ મા 23-25 જાન્યુઆરી 26 મા કરવા જઈ રહ્યો છે જે જય અને આપણા સૌ માટે ગર્વ અને આનંદ ની અનુભતી કરાવે છે. જય નું એક સૂત્ર છે ‘I can’t walk but i am not lazy‘ એટલે કે હુ ચાલી શકતો નથી પણ આળસુ નથી ના ધ્યેય સાથે આજે અનેક નવયુવાનો માટે જયપ્રેરણાસ્ત્રો.

# સાણંદ તાલુકાના મેલાસણા અને વિંછીયા ગામે પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાઈ



- ખેતીમાં જીવામૃત, ગાયનું મહત્વ, રવિપાકની પૂર્વ તૈયારી અને પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો પર નિષ્ણાતોનું વિસ્તૃત માર્ગદર્શન
- ખેડૂતોને રાસાયણ મુક્ત ખેતી માટે પ્રેરણા આપવા શાકભાજીના બિયારણ કિટનું વિના મૂલ્યે વિતરણ કરાયું

**અમદાવાદ, તા. 03**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મેલાસણા અને વિંછીયા ગામે બોસ ઈન્ડિયા ફાઉન્ડેશન, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતીની તાલીમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ સત્રમાં પ્રોજેક્ટ મેનેજર શ્રી રાજભાઈ ડામોરે ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી, જ્યારે એગ્રી આસિસ્ટન્ટ સુશ્રી અલ્પાબા ચૌહાણે રાસાયણિક ખાતરોથી થતા નુકસાન અને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ અંગે જાગૃતિ ફેલાવી હતી. પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ પ્રાકૃતિક ખેતીમાં ગાયનું મહત્વ સમજાવ્યું હતું અને પ્રાકૃતિક ખેતીના મુખ્ય સિદ્ધાંતો જેવા કે જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, આચ્છાદન, વાપસા વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, તેમણે રવિપાકની પૂર્વ તૈયારી કેવી રીતે કરવી, જેમાં બિયારણનો દર, નિંદામણ નિયંત્રણ, પિયત પદ્ધતિ અને મૂલ્યવર્ધન વગેરેની પણ વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન કિચન ગાર્ડન કેવી રીતે બનાવવું અને જીવામૃત કેવી રીતે બનાવવું તેનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવવામાં આવ્યું હતું.

પ્રગતિશીલ ખેડૂત શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલાએ રાસાયણિક ખાતરોથી થતા કેન્સર જેવા ભયંકર રોગો વિશે માહિતી આપી ખેડૂતોને રાસાયણિક મુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેર્યા હતા. અંતે, દરેક ખેડૂત પોતાના ઘર આંગણે, વાડામાં કે બાલ્કનીમાં પ્રાકૃતિક રીતે શાકભાજી ઉગાડીને પોતે ખાય અને પ્રાકૃતિક ખેતી કરતા થાય તેવા ઉમદા હેતુથી શિયાળામાં થતાં વિવિધ પ્રકારના શાકભાજીના બિયારણની કિટનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ખેડૂતોના ખેતી વિષયક પ્રશ્નોના સંતોષકારક જવાબો આપીને આ તાલીમનું સફળ સમાપન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી ભાવિકભાઈ, સી.આર.પી. શ્રી શાન્તીભાઈ, કૃષિ સખી સુશ્રી નેહલબહેન, પ્રગતિશીલ ખેડૂતો શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા અને શ્રી સુખાભાઈ સોલંકી, શાળાના શિક્ષિકા સુશ્રી દીપિકાબહેન પંચાલ અને અમીબહેન દવે, શાળાના બાળકો તેમજ બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને બહેનોએ હાજરી આપી હતી.

# વણકતલાઈ હનુમાનજી ધામે આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધાનું દિવ્ય આમંત્રણ અર્પણ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 03**

વણકતલાઈ હનુમાનજીના પવિત્ર મંદિરમાં આજ રોજ અત્યંત ભાવભક્તિ અને આધ્યાત્મિકતા વચ્ચે આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધા 20-12- 2025ના કાર્યક્રમનું વિધિવત આમંત્રણ અર્પણ કરવામાં આવ્યું. મંદિરના મહંતશ્રી અને સ્પર્ધાના આયોજકોની ઉપસ્થિતિમાં આ મહત્વપૂર્ણ માંગલિક વિધિ મંત્રોચ્ચાર અને શાંતિમય ધ્વનિ સાથે શરૂ થઈ. મંદિર પરિસરમાં દિવ્ય દીપપ્રકાશ વચ્ચે સુંદરકાંડ સ્પર્ધાની પત્રિકા હનુમાનજી તથા સમસ્ત દેવ-દેવતાઓના પવિત્ર ચરણોમાં સમર્પિત કરવામાં આવી. પત્રિકા અર્પણની ક્ષણે મંદિર પ્રાંગણમાં ભક્તિભાવના તરંગો પ્રસરી ગયા અને આત્મિક શાંતિનો વિશેષ અનુભવ થયો. આ પ્રસંગે હનુમાનજીની ચરણેશાન પ્રાર્થના કરવામાં આવી કે– “આ આવનારી સુંદરકાંડ સ્પર્ધા નગરજનોના સહયોગથી સુખાકારી, શાંતિ અને ભક્તિભાવ સાથે નિર્વિઘ્ને સફળતાપૂર્વક પૂર્ણ થાય.” મહંતશ્રીઓ અને સ્પર્ધાના આયોજકો દ્વારા નગર અને વિસ્તારના કલ્યાણ માટે સુંદરકાંડ સ્પર્ધા જેવા ધાર્મિક પ્રોગ્રામો કરવા વિશેષ પ્રેરણા આપે તે માટે સમસ્ત દેવતાઓના ચરણોમાં અરજી અર્પણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મંદિર પરિસરમાં એક વિશેષ દિવ્ય ઉર્જા અને આધ્યાત્મિક શાંતિ છવાઈ હતી. વણકતલાઈ હનુમાનજી મંદિરના આયોજકોના જણાવ્યા મુજબ, આ પત્રિકા અર્પણ સાથે સુંદરકાંડ સ્પર્ધાની તૈયારીઓ સત્તાવાર રીતે શરૂ થઈ ચૂકી છે અને આગામી દિવસોમાં નગર ભક્તિમય કાર્યક્રમોથી ગુંજી ઉઠશે. આધ્યાત્મિક ઉલ્લાસ અને ભક્તિની ગાઢ લાગણી સાથે પૂર્ણ થયેલો આ પવિત્ર કાર્યક્રમ નગરજનોમાં વિશેષ ઉત્સાહ અને આશા જગાવી રહ્યો છે.

## આજે 03 ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ, પ્રાંજલે તેના આત્મબળથી જલાવેલી જ્યોત અનેક દિવ્યાંગો માટે ઉજાસ બની

# દિવ્યાંગમનોવૈજ્ઞાનિક"તરીકેજાણીતા પ્રાંજલ વ્યાસ આજે પ્રેરણાનું પ્રતિક

**અમદાવાદ, તા. 03**

આજે વાત કરવી છે માત્ર દિવ્યાંગ જ નહિ પરંતુ એવા દિવ્યાંગની જેને પોતાના આપ બળે મનો વૈજ્ઞાનિક તરીકે અનોખી નામના મેળવી છે. આ 29 વર્ષીય પ્રાંજલની પ્રેરણાદાયી સફર અનેક સમાન્ય યુવાનો માટે પણ એક અભ્યાસનો વિષય છે, સેરેબલ પાલ્સી જેવી શારીરીક અક્ષમતા સાજે જન્મ થયેલ પ્રાંજલ હિમાલય જેવી મુશ્કેલી સામે પણ લડી આજે અનોખી છાપ ઉભી કરી છે.પ્રાંજલ વ્યાસની દિવ્યાંગ મનો વૈજ્ઞાનિક તરીકેની એક અનોખી સફર પ્રેરણાદાયી બની છે. 29 વર્ષીય પ્રાંજલ વ્યાસ મનો વૈજ્ઞાનિક છે જેઓએ માનસિક આરોગ્ય, ડિજિટલ સુરક્ષા, દિવ્યાંગજનોના અધિકારો અને સામાવેશક શિક્ષણમાં માટે કામ કર્યું છે.તેમની અનોખી કામ કરવાની શક્તિ થકી આજે તેઓ સોશિયલ મીડિયા પર ‘દિવ્યાંગ મનોવૈજ્ઞાનિક‘ તરીકે બન્યા છે. પ્રાંજલ પોતાનું શાળાશિક્ષણ દિવાન બલ્લુભાઈ હાઈસ્કૂલથી પૂર્ણ કર્યું. શારીરિક અક્ષમતા સાથે વધવા છતા, તેમણે ક્યારેય પોતાના સપનાને મર્યાદિત થવા દીધું નહીં. પ્રાંજલ ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) માંથી ત્રણ વર્ષના IT ડિપ્લોમા સાથે શિક્ષણ પૂર્ણ કર્યું, જેનાથી તેમને ટેક્નિકલ કુશળતા પ્રાપ્ત થઈ. એચ.કે. આર્ટ્સ કોલેજમાંથી બેચલર ઑફ આર્ટ્સમાં મનોવિજ્ઞાન (Psychology)નો અભ્યાસ કર્યો. મનોવિજ્ઞાનમાં તેમના રસને ગાઢ બનાવ્યો અને તેમણે પોતાની વ્યાવસાયિક સફરની શરૂઆત કરી. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સ્કૂલ ઑફ સાઈકોલોજીમાંથી ક્લિનિકલ સાઈકોલોજીમાં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. ‘દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં ભાવનાત્મક બુદ્ધિ અને મનોવૈજ્ઞાનિક સુખાકારીનો અભ્યાસ‘ પરનો તેમના વિશિષ્ટ અભ્યાસ કરી તેમાં નિપૂણતા મેળવી છે. 2017માં, પ્રાંજલ ગુરુગ્રામ પોલીસ સાયબર સેલમાં એક માસની ઈન્ટર્નશિપ કરી, જ્યાં તેમને સાયબરસુરક્ષા અંગેની તકનીકી જાણકારી મળી..તેઓ ડિજિટલ સલામતી અને માનસિક આરોગ્યના ક્ષેત્રમાં પ્રબળ હસ્તી બન્યા છે. પ્રાંજલ માઈક્રોસોફ્ટ એઝ્યોર ફન્ડામેન્ટલ પ્રમાણપત્ર મેળવીને ક્લાઉડ ટેક્નોલોજીમાં કુશળતા હાંસલ કરી. આ જ્ઞાનથી પ્રાંજલ 2016માં ગુજરાત સ્પાસ્ટિક સોસાયટી (GSS)ની મદદથી દિવ્યાંગ અધિકાર અધિનિયમ માટે વેબસાઈટ તૈયાર કરી, જે RPWD16.github.io તરીકે પ્રખ્યાત છે, પ્રાંજલ ગુજરાત સ્પાસ્ટિક સોસાયટી (GSS)ના કાર્યકારી સભ્ય અને ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે, જ્યાં તેઓ દિવ્યાંગજનોના અધિકારો, સામાવેશકતા અને શક્તિકરણ માટે કામ કરે છે. પ્રાંજલ ગર્લ સ્ક્રિપ્ટ ફાઉન્ડેશન દ્વારા યંગ અચીવર એવોર્ડ અને વિશ્વલવિન ફાઉન્ડેશન દ્વારા ગ્લોબલ ગાર્ડિયન એન્જલ એવોર્ડ મળ્યા છે, આ પુરસ્કારો તેમને માનસિક આરોગ્ય, દિવ્યાંગજનોના અધિકારો અને સામાજિક યોગદાનમાં મહતત્તા દર્શાવે છે.

વણકતલાઈ હનુમાનજી ધામે આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધાનું દિવ્ય આમંત્રણ અર્પણ

ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 03

વણકતલાઈ હનુમાનજીના પવિત્ર મંદિરમાં આજ રોજ અત્યંત ભાવભક્તિ અને આધ્યાત્મિકતા વચ્ચે આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધા 20-12- 2025ના કાર્યક્રમનું વિધિવત આમંત્રણ અર્પણ કરવામાં આવ્યું. મંદિરના મહંતશ્રી અને સ્પર્ધાના આયોજકોની ઉપસ્થિતિમાં આ મહત્વપૂર્ણ માંગલિક વિધિ મંત્રોચ્ચાર અને શાંતિમય ધ્વનિ સાથે શરૂ થઈ. મંદિર પરિસરમાં દિવ્ય દીપપ્રકાશ વચ્ચે સુંદરકાંડ સ્પર્ધાની પત્રિકા હનુમાનજી તથા સમસ્ત દેવ-દેવતાઓના પવિત્ર ચરણોમાં સમર્પિત કરવામાં આવી. પત્રિકા અર્પણની ક્ષણે મંદિર પ્રાંગણમાં ભક્તિભાવના તરંગો પ્રસરી ગયા અને આત્મિક શાંતિનો વિશેષ અનુભવ થયો. આ પ્રસંગે હનુમાનજીની ચરણેશાન પ્રાર્થના કરવામાં આવી કે– “આ આવનારી સુંદરકાંડ સ્પર્ધા નગરજનોના સહયોગથી સુખાકારી, શાંતિ અને ભક્તિભાવ સાથે નિર્વિઘ્ને સફળતાપૂર્વક પૂર્ણ થાય.” મહંતશ્રીઓ અને સ્પર્ધાના આયોજકો દ્વારા નગર અને વિસ્તારના કલ્યાણ માટે સુંદરકાંડ સ્પર્ધા જેવા ધાર્મિક પ્રોગ્રામો કરવા વિશેષ પ્રેરણા આપે તે માટે સમસ્ત દેવતાઓના ચરણોમાં અરજી અર્પણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મંદિર પરિસરમાં એક વિશેષ દિવ્ય ઉર્જા અને આધ્યાત્મિક શાંતિ છવાઈ હતી. વણકતલાઈ હનુમાનજી મંદિરના આયોજકોના જણાવ્યા મુજબ, આ પત્રિકા અર્પણ સાથે સુંદરકાંડ સ્પર્ધાની તૈયારીઓ સત્તાવાર રીતે શરૂ થઈ ચૂકી છે અને આગામી દિવસોમાં નગર ભક્તિમય કાર્યક્રમોથી ગુંજી ઉઠશે. આધ્યાત્મિક ઉલ્લાસ અને ભક્તિની ગાઢ લાગણી સાથે પૂર્ણ થયેલો આ પવિત્ર કાર્યક્રમ નગરજનોમાં વિશેષ ઉત્સાહ અને આશા જગાવી રહ્યો છે.

## BJP, INC, AAP અને BSPના પ્રતિનિધિઓ હાજર રહ્યા

# મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક

## માન્ય રાજકીય પક્ષોને મહત્તમ સંખ્યામાં BLAની નિયુક્તિ કરી નાગરિકોને મદદરૂપ થવા અનુરોધ

**અમદાવાદ, તા. 03**

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે, તા. 16 ડિસેમ્બરના રોજ ડ્રાફટ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવનાર છે. જે સંદર્ભે ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાની આગેવાનીમાં આજે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં CEO શ્રી હારીત શુક્લાએ BJP, INC, AAP અને BSPના ઉપસ્થિત પ્રતિનિધીઓને SIRની કાર્યપ્રગતિથી માહિતગાર કર્યા હતા.






તેમણે જણાવ્યું હતું કે, હાલમાં 82.85%થી વધુ ગણતરી ફોર્મ્સનું ડિજીટાઈઝેશન સંપન્ન થયું છે. દર કલાકે આ કામગીરીનો આંકડો વધી રહ્યો છે. અંતરિયાળ અને આદિજાતિ જિલ્લાઓ ફોર્મના ડિજીટાઈઝેશની કામગીરીમાં અગ્રેસર છે. તથા તમામ 33 જિલ્લાઓમાં ડિજીટાઈઝેશનની કામગીરી ખૂબ જ ઝડપભેર ચાલી રહી છે. રાજ્યભરના BLO ચૂંટણી પંચના સૈનિકોની જેમ ખૂબ જ ખંતપૂર્વક કામગીરી કરી રહ્યા છે. જે પ્રશંસાને પાત્ર છે. નાગરિકોની સવલત માટે માન્ય રાજકીય પક્ષોના કુલ 50 હજારથી વધુ BLA પણ મતદાનયાદીની ખાસ સઘન સુધારણામાં મદદરૂપ બની રહ્યા છે. તદુપરાંત મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં વસ્તી જટિલતાને ધ્યાને લઈને BLOની મદદ માટે રાજ્યભરમાં 30 હજારથી વધુ સ્વયંસેવકોની પણ નિયુક્તિ કરાઈ છે. આગામી તબક્કાઓમાં BLO અને BLAની ભૂમિકા મહત્વની હોઈ, માન્ય રાજકીય પક્ષો વધુમાં વધુ BLAની નિયુક્તિ કરે તેવો અનુરોધ પણ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ કર્યો હતો.

મતદારોની મુંઝવણ અને પ્રશ્નોના સમાધાન માટે તા.15, 16, 22, 23, 29 અને 30 નવેમ્બર એમ 6 દિવસ રાજ્યભરમાં ખાસ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ 50 લાખથી વધુ લોકોએ લીધો હતો. આગામી તબક્કાઓમાં પણ આવા કેમ્પ આયોજીત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, તા. 16 ડિસેમ્બર 2025ના રોજ રાજ્યની ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ડ્રાફ્ટ મતદાર યાદીમાં જેમના નામ સમાવિષ્ટ ન હોય તેવા મતદારોની યાદી સમાવિષ્ટ ન થવાના કારણો સાથે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રકાશિત કરવામાં આવશે તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની વેબસાઈટ https://ceo.gujarat.gov.in પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જે મતદારો તેમના ગણતરી ફોર્મ જમા કરાવી શક્યા નથી અને તે કારણસર તેમનું નામ ડ્રાફ્ટ યાદીમાં ન આવે તેવા કિસ્સામાં તેઓ ફોર્મ નં 6 ભરી શકશે. તા.15 જાન્યુઆરી 2026 પહેલા જે મતદારનું ફોર્મ નં 6 મતદાર નોંધણી અધિકારીને મળી જશે, તેમના ફોર્મ મંજૂર થયેથી તેમના નામનો સમાવેશ આખરી મતદાર યાદીમાં કરવામાં આવશે. તા. 15 જાન્યુઆરી 2026 પછી પણ કોઈપણ સમયે ફોર્મ 6/8 ભરી શકાશે અને તેવા મતદારોના નામનો સમાવેશ SIR બાદ પણ સતત સુધારણા અને ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમિયાન થઈ શકશે. બેઠકના અંત ભાગમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશનો હેતુ પુનઃ સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધીઓએ પણ સમગ્ર પ્રક્રિયામાં ચૂંટણી પંચને સહકાર આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ “પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલન થાય”

તા. 15 જાન્યુઆરી 2026 પછી પણ કોઈપણ સમયે ફોર્મ 6/8 ભરી શકાશે અને તેવા મતદારોના નામનો સમાવેશ SIR બાદ પણ સતત સુધારણા અને ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમિયાન થઈ શકશે. બેઠકના અંત ભાગમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશનો હેતુ પુનઃ સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધીઓએ પણ સમગ્ર પ્રક્રિયામાં ચૂંટણી પંચને સહકાર આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ “પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલન થાય”

# IND vs SA | કોહલીએ સતત બીજી સદી ફટકારતા ગૂંજી ઉઠ્યું સ્ટેડિયમ, ગાયકવાડનો પણ રેકોર્ડ




**મુંબઈ, તા. 03**

રાયપુરમાં સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝની બીજી મેચ રમાઈ હતી. જેમાં ભારતના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી અને ઋતુરાજ ગાયકવાડે ધુંઆધાર બેટિંગ કરી અને સાઉથ આફ્રિકન બોલર્સને ઘૂંટણીયે લાવી દીધા. વિરાટ કોહલીની 53મી વનડે સદી, વિરાટ કોહલી સાઉથ આફ્રિકા વનડે સીરિઝની સતત બીજી મેચમાં સદી ફટકારી છે. કોહલીએ આજે 90 બોલમાં 100 રન પૂરા કર્યા. વિરાટ કોહલીએ સતત બીજી સદી ફટકારતાં સુનિલ ગાવસ્કરે વખાણ કરતાં કહ્યું હતું કે તમારી પાસે વિરાટ કોહલી હોય તો સુપરમેનની શું જરૂર? કોહલી મેચમાં કુલ 93 બોલમાં 102 રન ફટકાર્યા. જેમાં 7 ચોગ્ગા અને બે છગ્ગા સામેલ છે. આ કોહલીની 53મી વનડે સદી હતી. ઋતુરાજ ગાયકવાડે વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી, ઋતુરાજ ગાયકવાડે આજે વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી. ઋતુરાજે 77 બોલમાં 100 રન પૂરા કર્યા. પહેલા 52 બોલમાં તેણે 50 રન પૂરા કર્યા હતા અને પછીના 27 બોલમાં તાબડતોબ બેટિંગ કરી અને બીજા 50 રન પૂરા કર્યા. જેમાં 14 ચોગ્ગા અને બે છગ્ગા સામેલ છે. જોકે બાદમાં 105 રન પૂર્ણ થતાં ઋતુરાજ ગાયકવાડ આઉટ થઈ ગયો હતો. સ્ટેડિયમમાં સૌ દર્શકોએ ઊભા થઈને ગાયકવાડનું સન્માન કર્યું હતું. ગાયકવાડની સદી થતાં સ્ટેડિયમ ગૂંજી ઉઠ્યું, - ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે વનડે સીરિઝની પ્રથમ 30 નવેમ્બરે રાંચીમાં રમાઈ હતી જેમાં વિરાટ કોહલીએ 135 રન ફટકાર્યા હતા. રોહિત શર્મા અને કે એલ રાહુલની અડધી સદીની મદદથી ભારતનો સ્કોર 349 રનનો થઈ ગયો હતો. - જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ 49.2 ઓવરમાં 332 રન પર ઓલઆઉટ થઈ હતી.

# 7 છગ્ગા 8 ચોગ્ગા, 47 બોલમાં સદી... IPLની હરાજી અગાઉ સરફરાઝ ખાનનું તોફાની પ્રદર્શન



**મુંબઈ, તા. 03**

તાજેતરમાં દક્ષિણ આફ્રિકા 'A' પ્રવાસ માટેની ટીમમાં અવગણના થવાને કારણે ચર્ચામાં રહેલા મુંબઈના બેટ્સમેન સરફરાઝ ખાને હવે IPLની મિની-હરાજી પહેલાં તમામ ફ્રેન્ચાઈઝીઓને પોતાના બેટથી જડબાતોડ જવાબ આપ્યો છે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં લખનઉ ખાતે આસામ સામેની મેચમાં, સરફરાઝ ખાને પોતાની T20 કારકિર્દીની પ્રથમ સદી ફટકારીને સૌને ચોંકાવી દીધા છે. સરફરાઝે 11 વર્ષ અને 97 T20 મેચોની લાંબી રાહનો અંત લાવતા પોતાની પ્રથમ T20 સદી ફટકારી છે. આ સદી એ વાતનો પુરાવો છે કે તે માત્ર ટેસ્ટ ક્રિકેટ જ નહીં, પરંતુ ટૂંકા ફોર્મેટમાં પણ તોફાની બેટિંગ કરવાની ક્ષમતા ધરાવે છે. IPLની મિની-હરાજીના ગણતરીના દિવસો પહેલાં આવેલી આ સદીએ ફ્રેન્ચાઈઝી ટીમોનું ધ્યાન ચોક્કસપણે ખેંચ્યું હશે. આસામ સામેની મેચમાં મુંબઈએ 20 ઓવરમાં 4 વિકેટે 220 રન બનાવ્યા હતા. સરફરાઝે માત્ર 47 બોલમાં 8 ચોગ્ગા અને 7 છગ્ગાની મદદથી અણનમ 100 રન ફટકાર્યા હતા. તેની સાથે અજિંક્ય રહાણેએ 42 રનની ઉપયોગી ઈનિંગ રમી હતી. આ પ્રદર્શન બાદ, જે સરફરાઝ છેલ્લા બે વર્ષથી IPLમાં વેચાયો ન હતો, તેના પર હવે ફ્રેન્ચાઈઝીઓ ગંભીરતાથી બોલી લગાવી શકે છે. આ જ મેચમાં ભારતીય T20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ ફરી એકવાર નિષ્ફળ રહ્યા હતા.

# ઈન્ડિયાની સા. આફ્રિકા સામેની T20 સિરીઝ માટે ટીમ જાહેર

**મુંબઈ, તા. 03**

સાઉથ આફ્રિકા સામેની T20 સિરીઝ માટે BCCIએ ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. જસપ્રીત બુમરાહને વન-ડેમાંથી આરામ આપીને T20માં સામેલ કરવામાં આવ્યો. હાર્દિક પંડ્યા અને શુભમન ગિલની પણ ટીમમાં વાપસી થઈ. T20 સિરીઝ 9 ડિસેમ્બરથી શરૂ થશે. BCCIએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આ અંગેની જાણકારી આપી. બુધવારે જ રાયપુરમાં બોર્ડે T20 વર્લ્ડ કપ માટે જર્સી પણ લોન્ચ કરી. T20 ટીમની કેપ્ટનશિપ સૂર્યકુમાર યાદવ કરશે. વાઈસ કેપ્ટન શુભમન ગિલ લગભગ બે અઠવાડિયા પછી વાપસી કરશે. જોકે, ફિટનેસ ક્લિયરન્સ મળ્યા પછી જ તે મેચ રમી શકશે. કોલકાતા ટેસ્ટમાં તેને ઈજા થઈ હતી. હાર્દિક પંડ્યા પણ 73 દિવસ પછી ટીમમાં પરત ફરી રહ્યો છે. તેને એશિયા કપમાં પાકિસ્તાન સામેની મેચ દરમિયાન ઈજા થઈ હતી. T20 સિરીઝ માટે ઈન્ડિયન ટીમ સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ, અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, જિતેશ શર્મા (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા અને વોશિંગ્ટન સુંદર.

# 14 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ વધુ એક ઇતિહાસ રચ્યો

## સૌથી નાની ઉંમરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સેન્ચુરી ફટકારી, હાર્દિક કમબેક મેચમાં બરોડાને હાઇ-સ્કોરિંગ ચેઝમાં જિતાડ્યું



**મુંબઈ, તા. 03**

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં 14 વર્ષના વૈભવ સૂર્યવંશીએ નવો ઈતિહાસ રચ્યો. તે ટુર્નામેન્ટમાં સૌથી ઓછી ઉંમરે સદી ફટકારનાર બેટર બન્યો. બિહારના વૈભવે પોતાની ત્રીજી T20 સદી ફટકારી, જે આ ઉંમરે દુનિયાના કોઈપણ ખેલાડીનો આવો પહેલો રેકોર્ડ છે. મહારાષ્ટ્ર સામે તેણે 58 બોલમાં અણનમ 108 રન બનાવ્યા, જેમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ હતા. જ્યારે સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ઈજામાંથી સાજા થઈને જોરદાર કમબેક કર્યું. એશિયા કપ ફાઈનલ પછી પહેલીવાર મેદાન પર ઉતરેલા હાર્દિકે પંજાબ સામે અણનમ 77 રન બનાવીને બરોડાને જીત અપાવી. પંજાબ તરફથી કેપ્ટન અભિષેક શર્માએ માત્ર 18 બોલમાં 50 રન બનાવ્યા, પરંતુ તેની ઝડપી ઈનિંગ્સ પણ ટીમને જીત અપાવી શકી નહીં. બીજી તરફ, પૃથ્વી શોના 66 રન મહારાષ્ટ્રની જીત માટે પૂરતા રહ્યા. આ ઉપરાંત, કર્ણાટકના દેવદત્ત પડિકલે T20માં પોતાની જબરદસ્ત ફોર્મ ચાલુ રાખતા 46 બોલમાં અણનમ 102 રન બનાવ્યા. આ તેના કરિયરની ચોથી T20 સદી છે, જે તમિલનાડુ સામે આવી. હાર્દિકે શિવાલિક સાથે 101 રન જોડ્યા લેફ્ટ ક્વાડ્રિસેપ્સની ઈજા બાદ હાર્દિક પંડ્યાએ શાનદાર વાપસી કરી. પંજાબ સામે 223 રનના ટાર્ગેટને ચેઝ કરતા હાર્દિકે 42 બોલમાં અણનમ 77 રન બનાવીને બરોડાને જીત અપાવી.હાર્દિકે શિવાલિક શર્મા (47)* સાથે ત્રીજી વિકેટ માટે 101 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. શિવાલિકને ટેક્ટિકલી રિટાયર આઉટ કરવામાં આવ્યો જેથી જીતેશ શર્મા ઝડપથી રન બનાવી શકે. બરોડાને છેલ્લી 15 બોલમાં 30 રન જોઈતા હતા અને ટીમે માત્ર 9 બોલમાં મેચ પૂરી કરી દીધી. જોકે, બોલિંગમાં હાર્દિક પ્રભાવી રહ્યો નહોતો.

# મન્નારા ચોપરા હિજાબ પહેરીને મસ્જિદ બહાર

**મુંબઈ, તા. 03**

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા અને પરિણીતી ચોપરાની કઝીન મન્નારા ચોપરા પણ ચાહકોની ફેવરિટ છે. મન્નારા તેના ગ્લેમરસ અંદાજ માટે ઓળખાય છે. આ વખતે તેણે હિજાબ પહેરેલી તસવીરો શેર કરતા કેટલાક ચાહકોને કુતુહલ થયું હતું. જો કે, વાત એમ હતી કે, મન્નારા બહેરીનની સૌથી મોટી મસ્જિદ ગણાતી અલ-ફતેહ ગ્રાન્ડ પહોંચી હતી, જ્યાંથી તેણે કેટલીક તસવીરો શેર કરી છે. મન્નારા હિજાબ પહેરીને મસ્જિદમાં પહોંચી હતી. મન્નારાના માતા પણ હિજાબમાં દેખાયાં હતાં. ગ્લેમરસ અને બોલ્ડ મન્નારાને હિજાબમાં જોઈને ચાહકો ચોંકી ઉઠ્યા છે. હવે તેની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. જો કે, અનેક ચાહકો મન્નારાની ખૂબ પ્રસંશા કરી રહ્યા છે. ચાહકોનું કહેવું છે કે મન્નારા માત્ર 'માનવતા'ના ધર્મમાં વિશ્વાસ રાખે છે. એક યુઝરે લખ્યું કે, 'હિજાબમાં ખૂબ જ સુંદર લાગી રહી છે.' બીજા એક યુઝરે લખ્યું કે, 'મન્નારા હિજાબમાં કેટલી ક્યુટ લાગી રહી છે.' મન્નારાને બિગ બોસમાં પણ ખૂબ પસંદ કરવામાં આવી હતી. ત્યારબાદ 'લાફ્ટર શેફ ટુ' માં પણ ચાહકો તેનાથી ખૂબ ઈમ્પ્રેસ થયા હતા. મન્નારા ચાહકોના દિલ પર રાજ કરે છે.





1. મન્નારાને હિજાબમાં જોઈને ચાહકો ચોંકી ઉઠ્યા
2. ચાહકો મન્નારાની ખૂબ પ્રસંશા કરી રહ્યા

# શ્રદ્ધા કપૂરે પોતાના હાથેથી બોયફ્રેન્ડને મીઠાઈ ખવડાવી



**મુંબઈ, તા. 03**

બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર અને તેના રૂમર્ડ બોયફ્રેન્ડ રાહુલ મોદી વચ્ચેના પ્રેમભર્યા પળનો એક વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ફેન્સને તેની ક્યૂટ કેમિસ્ટ્રીની ઝલક જોવા મળી રહી છે. આ કપલને મુંબઈમાં આયોજિત બોમ્બે કોફી ફેસ્ટિવલમાં સાથે જોવામાં આવ્યું હતું, જ્યાં ફૂડી (ખાવાના શોખીન) શ્રદ્ધાએ એક સ્ટોલ પર 'જાપાનીઝ મોચી'ની મજા માણી. આ પળ દરમિયાન શ્રદ્ધાએ પોતાના હાથે આ સ્વીટ આઈટમ રાહુલને પણ ખવડાવી હતી. આસપાસ ભીડ હોવા છતાં, બંને જરાય સંકોચ વગર પોતાની આ પળને એન્જોય કરતા જોવા મળ્યા હતા. શ્રદ્ધાએ સ્વાદિષ્ટ લાગતા 'મોચી'ને પોતાના હાથે રાહુલ મોદીને પણ ખવડાવ્યું. તેમનો આ પ્રેમભર્યો વીડિયો ઘણો વાઈરલ થઈ રહ્યો છે. ફેન્સ તેમની કેમિસ્ટ્રી જોઈને ઘણા ખુશ થઈ રહ્યા છે અને તેની પ્રશંસા કરી રહ્યા છે.

# રણબીર સામે ચાલીને પાપારાઝીઓને બોલાવતો હોવાનો ઘટસ્ફોટ



**મુંબઈ, તા. 03**

મુંબઈમાં ફિલ્મ કલાકારો એરપોર્ટ, કોઈ સ્ટુડિયો કે નિર્માતાની ઓફિસ આસપાસ કે પછી કોઈ રેસ્ટોરાં બહાર પાપારાઝીઓને અનાયાસે મળતા નથી પરંતુ સોશિયલ મીડિયા પર સતત છવાયેલા રહેવા માટે કલાકારો સામે ચાલીને આ પાપારાઝીઓને પોતાના લોકેશન તથા ગતિવિધિની જાણ કરતા હોય છે. રણબીર કપૂર પણ પબ્લિસિટી માટે આ ટ્રીક અજમાવતો હોવાનું ખુલ્લું પડી ગયું છે. તાજેતરમાં રણબીર ફિલ્મ સર્જક સંજય લીલા ભણશાળીની ઓફિસે પહોંચ્યો તો તેના ફોટા પાડવાનો પ્રયાસ કરી રહેલા પાપારાઝીઓને સિક્યુરિટી ગાર્ડે અટકાવ્યા હતા.

# ઓનલાઈન સટ્ટાબાજી એપ મામલે વધુ એક અભિનેત્રીની પૂછપરછ



## મની લોન્ડરિંગ સાથે જોડાયેલો છે કેસ, નેહા શર્માની પૂછપરછ કેમ કરાઈ?

**મુંબઈ, તા. 03**

ઓનલાઈન સટ્ટો રમાડતી એપ મામલે આજે EDએ બોલિવૂડ અભિનેત્રી અને મોડલ નેહા શર્માની પૂછપરછ કરી છે. અગાઉ આ જ કેસમાં શિખર ધવન અને સુરેશ રૈના સહિતના ક્રિકેટર્સની પણ પૂછપરછ કરવામાં આવી હતી. આટલું જ નહીં આ મામલે સોનુ સૂદ સહિત અનેક હસ્તીઓના નામ સામે આવ્યા હતા. નોંધનીય છે કે મંગળવારે ઓનલાઈન બેટિંગ એપ 1Xબેટ મામલે નેહા શર્મા ED સામે હાજર થઈ હતી. PMLA એક્ટની જોગવાઈ અનુસાર અભિનેત્રીનું નિવેદન નોંધવામાં આવ્યું. મીડિયા અહેવાલો અનુસાર નેહા શર્મા આ એપની જાહેરાત સાથે જોડાયેલી હતી. જેના કારણે સમગ્ર કેસમાં તેનું નામ સામે આવ્યું હતું. અધિકારીઓએ આ મામલે નેહાનું નિવેદન નોંધ્યું છે જે બાદ તપાસ કરાશે કે આ એપના પ્રચારમાં તેની કોઈ ભૂમિકા હતી કે નહીં? અત્યાર સુધી અનેક હસ્તીઓની પૂછપરછ, નોંધનીય છે કે આ મામલે અગાઉ શિખર ધવન, સુરેશ રૈનાની પણ પૂછરપછ કરવામાં આવી હતી. EDએ કહ્યું છે કે આ એપ કોઈ પણ મંજૂરી વિના ભારતમાં કામ કરી હતી અને ઓનલાઈન માધ્યમથી તેની જાહેરાતો આપવામાં આવતી હતી.

## વિદેશી રોકાણકારો સતત પૈસા ઉપાડી રહ્યા છે, ડોલરની મજબૂતીથી દબાણ વધ્યું

# ડોલર સામે રૂપિયો રેકોર્ડ બ્રેક ગગડ્યો : 90.05એ પહોંચ્યો

નવી દિલ્હી, તા.03




રૂપિયો 3 ડિસેમ્બરે ડોલર સામે અત્યારસુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. PTI મુજબ, આજે ડોલર સામે રૂપિયો 9 પૈસા ઘટીને 90.05ના સ્તરે ખૂલ્યો. આ પહેલાં મંગળવારે એ 89.96 રૂપિયા પર બંધ થયો હતો. ઘરેલું શેરબજારોમાં ઘટાડો અને સતત વિદેશી ફંડ્સની ઉપાડથી રૂપિયા પર દબાણ આવ્યું છે.

2025માં અત્યારસુધી રૂપિયો 5.16% નબળો પડ્યો રૂપિયો 2025માં અત્યારસુધી 5.17% નબળો પડી ચૂક્યો છે. 1 જાન્યુઆરીએ રૂપિયો ડોલર સામે 85.70ના સ્તરે હતો, જે હવે 90.05 રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે.

રૂપિયામાં ઘટાડાનો અર્થ એ છે કે ભારત માટે વસ્તુઓની આયાત મોંઘી થશે. આ ઉપરાંત વિદેશમાં ફરવું અને ભણવું પણ મોંઘું થઈ ગયું છે.

ધારો કે જ્યારે ડોલર સામે રૂપિયાની કિંમત 50 હતી ત્યારે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓને 50 રૂપિયામાં 1 ડોલર મળતો હતો. હવે 1 ડોલર માટે વિદ્યાર્થીઓને 90.05 રૂપિયા ખર્ચ કરવા પડશે. આનાથી વિદ્યાર્થીઓ માટે ફીથી લઈને રહેવા-જમવા અને અન્ય વસ્તુઓ મોંઘી થઈ જશે.

રૂપિયા પર ડોલરનું દબાણ કેમ વધ્યું, શું છે કારણો આયાતકારો તરફથી ડોલરની ભારે માગે પણ રૂપિયાને નીચે ધકેલ્યો. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPIs) હાઈ વેલ્યુએશનને કારણે કંપનીઓના સ્ટેક્સ વેચી રહ્યા છે, જેનાથી આઉટફ્લો થઈ રહ્યો છે.

ઓઈલ બાઈંગ, ગોલ્ડ બાઈંગ અને કોર્પોરેટ્સ તથા કેન્દ્ર સરકાર તરફથી રી-પેમેન્ટ્સએ પણ દબાણ વધાર્યું. ટ્રેડ ટેન્શન્સને કારણે યુએસ સાથેની વાટાઘાટોમાં અવરોધો આવી રહ્યા છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા ટેરિફ લાદવાથી વાતચીત મુશ્કેલ બની છે.

બજાર પર અસર દેખાઈ, સેન્સેક્સ-નિફ્ટીમાં ઘટાડો રૂપિયામાં સતત ઘટાડાની ઘરેલુ ઈક્વિટી માર્કેટ્સ પર પણ નકારાત્મક અસર પડી. ગઈકાલે એટલે કે 2 ડિસેમ્બરે સેન્સેક્સ 503 અંક ઘટીને 85,138 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 143 અંકનો ઘટાડો રહ્યો, એ 26,032 પર બંધ થયો.

માર્કેટ એક્સપર્ટ્સનું કહેવું છે કે રૂપિયો દબાણમાં છે, કારણ કે FPIsની ભારે ખરીદીથી પૈસા બહાર જઈ રહ્યા છે.

હાઈ વેલ્યુએશન્સને કારણે સ્ટેક્સ સેલ, ઓઈલ-ગોલ્ડની ખરીદી અને રી-પેમેન્ટ્સથી આઉટફ્લો થઈ રહ્યો છે.

ટૂંકા ગાળામાં આ ટ્રેન્ડ ચાલુ રહી શકે છે, પરંતુ ટ્રેડ ડીલ પર પ્રગતિથી રાહત મળી શકે છે.

કરન્સીની કિંમત કેવી રીતે નક્કી થાય છે? ડોલરની સરખામણીમાં અન્ય કોઈપણ કરન્સીની વેલ્યુ ઘટે તો એને મુદ્રાનું ઘટવું, તૂટવું, નબળું પડવું કહેવાય છે. અંગ્રેજીમાં એને કરન્સી ડેપ્રિસિયેશન કહે છે. દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી તે આંતરરાષ્ટ્રીય વ્યવહારો કરે છે. ફોરેન રિઝર્વના ઘટવા અને વધવાની અસર કરન્સીની કિંમત પર દેખાય છે.

જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર, અમેરિકાના રૂપિયાના ભંડાર બરાબર હશે તો રૂપિયાની કિંમત સ્થિર રહેશે. આપણી પાસે ડોલર ઘટે તો રૂપિયો નબળો પડશે, વધે તો રૂપિયો મજબૂત થશે. આને ફ્લોટિંગ રેટ સિસ્ટમ કહેવાય છે.

## શેરબજારમાં સતત ત્રીજા દિવસે ઘટાડો : સેન્સેક્સ 31 પોઈન્ટ ઘટીને 85,107 પર બંધ, નિફ્ટી પણ 46 પોઈન્ટ ઘટ્યો, ઓટો-FMCG શેર ઘટ્યા

મુંબઈ, તા.03




અઠવાડિયાના ત્રીજા ટ્રેડિંગ દિવસે, બુધવાર, ૩ ડિસેમ્બરે સેન્સેક્સ 31 પોઈન્ટ ઘટીને 85,107 પર બંધ થયો. આ દરમિયાન, નિફ્ટી 46 પોઈન્ટ ઘટીને 25,986 પર બંધ થયો.

સેન્સેક્સના 30 માંથી 20 શેર ઘટ્યા હતા. આજના કારોબારમાં ઓટો, એનર્જી અને એફએમસીજી શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે આઈટી અને બેંકિંગ શેરોમાં તેજી જોવા મળી હતી.

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 1.07% વધીને 4,037 પર, જાપાનનો નિક્કેઈ 1.13% વધીને 49,862 પર અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.02% ઘટીને 25,828 પર ટ્રેડ થઈ રહ્યા છે.

અમેરિકી બજારો: 2 ડિસેમ્બરે ડાઉ જોન્સ 0.39% વધીને 47,474 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ પણ 0.59% વધીને 23,414 પર અને S&P 500 0.25% વધીને 6,829 પર બંધ થયા.

2 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 3,642.30 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 4,645.94 કરોડની ખરીદી કરી.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.


અઠવાડિયાના બીજા કારોબારી દિવસે મંગળવાર, 2 ડિસેમ્બરે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 503 પોઈન્ટ ઘટીને 85,138 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 143 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 26,032 પર બંધ થયો હતો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 20માં ઘટાડો જોવા મળ્યો. એશિયન પેઈન્ટ્સ, મારુતિના શેર 3% સુધી વધીને બંધ થયા. HDFC બેંક, ICICI બેંક અને ઈન્ડિગોમાં 2% સુધીનો ઘટાડો રહ્યો.

NSE ના ફાર્મા ઈન્ડેક્સમાં ખરીદી જોવા મળી, જ્યારે મીડિયા, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી રહી.

## નવી આધાર એપમાં ઘરે બેઠા એડ્રેસ-નામ બદલી શકશો : મોબાઈલ નંબર બદલવાની સુવિધા શરૂ, કોઈ ડોક્યુમેન્ટની જરૂર નહીં

મુંબઈ, તા.03




હવે તમે ઘરે બેઠા આધાર કાર્ડમાં રજિસ્ટર્ડ મોબાઈલ નંબર બદલી શકો છો. સરકારે નવી આધાર એપમાં આ સુવિધા શરૂ કરી દીધી છે. તેમજ, સરનામું, નામ અને ઈમેઈલ આઈડી પણ અપડેટ કરવાની સુવિધા ટૂંક સમયમાં શરૂ થશે. નવી ડિજિટલ સર્વિસની જાહેરાત આધારને રેગ્યુલેટ કરતી સંસ્થા યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ કરી છે.

આ બદલાવો માટે યુઝર્સને કોઈ ડોક્યુમેન્ટની જરૂર પડશે નહીં. એપ પર OTP વેરિફિકેશન અને ફેસ ઓથેન્ટિકેશનથી બધું જ બદલી શકાશે. આ સર્વિસથી દૂરના વિસ્તારોમાં રહેતા લોકો, સિનિયર સિટીઝન અને સ્થળાંતર કરનારાઓને સરળતા રહેશે.

UIDAI મુજબ એપ દ્વારા આધારમાં અપડેટ કરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ છે. આ માટે કોઈ દસ્તાવેજ કે ફિઝિકલ વિઝિટની જરૂર નથી. આખી પ્રક્રિયા થોડી મિનિટોમાં થઈ જશે.

આધાર કાર્ડ દેશની સૌથી મોટી ઓળખ સેવા છે, જેમાં 130 કરોડથી વધુ લોકોનો ડેટા જોડાયેલો છે. મોબાઈલ નંબર તેનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે, કારણ કે તેનાથી OTP દ્વારા બેંક એકાઉન્ટ, સરકારી સબસિડી, ઈનકમ ટેક્સ વેરિફિકેશન અને ડિજિટલ સેવાઓ જેવી કે ડિઝીલોકર સુધી એક્સેસ મળે છે.

જો નંબર જૂનો થઈ જાય અથવા ખોવાઈ જાય તો ઘણી સમસ્યાઓ થઈ શકે છે. અત્યાર સુધી તેને અપડેટ કરવા માટે એનરોલમેન્ટ સેન્ટર જવું પડતું હતું, જ્યાં બાયોમેટ્રિક વેરિફિકેશન અને લાંબી લાઈનોમાં ઉભા રહેવાની ઝંઝટ હતી. પરંતુ હવે UIDAI ડિજિટલ રીતે તેને સરળ બનાવવા જઈ રહ્યું છે.

એક મહિના પહેલા UIDAIએ આધાર કાર્ડની નવી મોબાઈલ એપ લોન્ચ કરી હતી. આમાં યુઝર એક જ ફોનમાં 5 લોકોના આધાર રાખી શકે છે. આમાં આધારની ફક્ત તે જ માહિતી શેર કરવાનો વિકલ્પ છે, જે જરૂરી હોય છે.

આ એપમાં તમે UPI માં જે રીતે સ્કેન કરીને પેમેન્ટ કરો છો, તે જ રીતે આધાર ડિટેલ્સ શેર કરી શકો છો. એપને વધુ સુરક્ષિત બનાવવા માટે તેમાં ફેસ ઓથેન્ટિકેશન જેવા ફીચર્સ ઉમેરવામાં આવ્યા છે.

વર્ચ્યુઅલ ID જનરેટ કરવા અથવા કેટલાક અપડેટ્સ માટે UIDAI પોર્ટલ અથવા mAadhaar જ શ્રેષ્ઠ છે.

નવી એપ પ્રાઈવસી-ફર્સ્ટ છે, જ્યાં સિલેક્ટિવ ડિસ્ક્લોઝરથી માત્ર જરૂરી માહિતી શેર થાય છે.

આધાર 2009માં શરૂ થયો હતો. હવે 1.3 અબજ એટલે કે 130 કરોડથી વધુ લોકો પાસે આધાર છે. પહેલા પેપર કાર્ડ હતું, પછી mAadhaar એપ આવી. હવે ડિજિટલ ઈન્ડિયા હેઠળ સંપૂર્ણપણે ડિજિટલ એપ લાવવામાં આવી છે. સરકારનો પ્રયાસ છે કે દરેક સેવા ઓનલાઈન થઈ જાય.

# ટ્રમ્પ પરિવારને 30 મિનિટમાં અબજોનું નુકસાન, ક્રિપ્ટોને લગતા શેરમાં 50% સુધીનો કડાકો....

વોશિંગ્ટન, તા.03

દુનિયાને ટેરિફની ધમકી આપીને ડરાવનારા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ક્રિપ્ટો પ્રેમી પણ માનવામાં આવે છે પરંતુ આ જ ક્રિપ્ટોકરન્સી છેલ્લા કેટલાક દિવસોથી તેને મોટું નુકસાન પણ કરાવી રહી છે. મંગળવારે ક્રિપ્ટો ખજાનામાં સુનામી જેવી પરિસ્થિતિ આવી અને મોટું નુકસાન થયું. વાસ્તવમાં ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર એરિક ટ્રમ્પ દ્વારા કો-ફાઉન્ડેડ અમેરિકન બિટકોઈન કોર્પના શેર (American Bitcoin Corp Share) માત્ર 30 મિનિટમાં જ ક્રેશ થઈ ગયા અને 50% થી વધુનો કડાકો બોલાયો.



મંગળવારે અમેરિકન શેરબજારમાં ટ્રેડિંગની શરૂઆત થતાં જ ટ્રમ્પ પરિવાર દ્વારા સમર્થિત અમેરિકન બિટકોઈન કોર્પના શેર ચર્ચામાં આવી ગયા. વાસ્તવમાં ટ્રેડિંગ શરૂ થવાની માત્ર એક મિનિટમાં જ અમેરિકન બિટકોઈન કોર્પના શેરમાં 30 ટકાથી વધુનો કડાકો બોલાયો અને પછીના અડધા કલાકમાં સ્ટોકની વેલ્યૂ 50 ટકાથી વધુ ક્રેશ થઈ ગઈ. ટ્રેડિંગ દરમિયાન તે 1.74 ડોલરના લો લેવલ સુધી ક્રેશ થઈ ગઈ. જોકે, માર્કેટ ક્લોઝ થતાં થતાં તેમાં સામાન્ય સુધીરો આવ્યો તેમ છતાં ABC Share 38.83%ના મોટા કડાકા સાથે 2.19 ડોલર પર બંધ થયું.

અમેરિકન બિટકોઈન કોર્પના કો-ફાઉન્ડર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર એરિક ટ્રમ્પ છે. આ કંપની આ વર્ષના મે મહિનામાં શરૂ કરવામાં આવી હતી અને સપ્ટેમ્બરમાં Nasdaq પર લિસ્ટેડ થઈ હતી. કંપનીએ ગ્રિફોન ડિજિટલ માઈનિંગ સાથે મર્જર કર્યું હતું. માત્ર એરિક જ નહીં પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર પણ આ કંપનીમાં કો-ફાઉન્ડર છે. તેના શેરની વેલ્યૂ પોતાના હાઈથી લગભગ 80 ટકા આસપાસ ક્રેશ થઈ ચૂકી છે.

અમેરિકન બિટકોઈન કોર્પનું સપ્ટેમ્બરના મધ્ય સુધી માર્કેટ કેપિટલ 7 અબજ ડોલરથી વધુ હતું, જ્યારે તેની બેલેન્સ શીટમાં 28.5 કરોડ ડોલરના મૂલ્યની ક્રિપ્ટોકરન્સી હતી. અહેવાલ પ્રમાણે રેગ્યુલેટરી ડોક્યુમેન્ટ્સ પર નજર કરીએ તો સપ્ટેમ્બરના અંત સુધીમાં આ કંપની પાસે 3,418 બિટકોઈન રિઝર્વ હતા, જેની કિંમત હવે લગભગ 31 કરોડ ડોલર હશે. જોકે, તાજેતરના મોટા કડાકા બાદ અમેરિકન બિટકોઈન કોર્પનું માર્કેટ કેપ ઘટીને માત્ર 2 અબજ ડોલરથી થોડું વધારે રહી ગયું છે.

છેલ્લા કેટલાક દિવસોથી ક્રિપ્ટો માર્કેટમાં મચેલા હાહાકારની સીધી અસર ટ્રમ્પ પરિવારની નેટવર્થ પર પડી છે. તેનો અંદાજ એ બાબત પરથી લગાવી શકાય છે કે, બ્લૂમબર્ગના એક અહેવાલ પ્રમાણે માત્ર ઓક્ટોબરથી અત્યાર સુધીમાં જ ટ્રમ્પ પરિવારના ક્રિપ્ટો વેન્ચર્સનું 1 અબજ ડોલરથી વધુ નુકસાન થઈ ચૂક્યું છે.

ફોર્બ્સના નવા અહેવાલ પ્રમાણે ડોનાલ્ડ ટ્રમ્પની કુલ સંપત્તિ (Donald Trump Networth Fall) 6.2 અબજ ડોલર નોંધાઈ હતી, જે આ પહેલા સપ્ટેમ્બર મહિનામાં 7.3 અબજ ડોલર હતી. આનો અર્થ એ થયો કે તેમની નેટવર્થમાં સીધો 1.1 અબજ ડોલરનો ઘટાડો આવ્યો છે. આ ઘટાડો તેમની કંપનીના શેર TMTGમાં તીવ્ર ઘટાડાને કારણે થયો હતો.

# બેંક ગ્રાહકની પરવાનગી વિના ઓવરલિમિટ ફી વસૂલ કરી શકશે નહીં

### ક્રેડિટ કાર્ડમાં વધારાના ખર્ચ માટે કાર્ડ ઈશ્યુઅર્સ આપમેળે મંજૂરી નહિ આપી શકે, ઓવરલિમિટ માટે ગ્રાહકની આગોતરી પરવાનગી ફરજિયાત

અમદાવાદ, તા.03




વિશ્વની આર્થિક મહાસત્તા અમેરિકાની ભારતમાં પણ ક્રેડિટ કાર્ડનો વપરાશ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. આજનું યુવાધન મોજશોખ અને અન્ય ખરીદી માટે ક્રેડિટકાર્ડનો કોઈપણ ખચકાટ વિના મનસ્વી વપરાશ કરી રહ્યું છે. સામે પક્ષે બેંકો પણ બેંકિંગના કોર બિઝનેસને બદલે ક્રેડિટ કાર્ડ સેગમેન્ટને જ મુખ્ય બિઝનેસ બનાવી ઉઘાડી લૂંટ આદરી રહી છે. જોકે આરબીઆઈ બેંકોના આ વલણ સામે લાલ આંખ કરી છે.

ક્રેડિટ કાર્ડના વધતા વપરાશ અને તેની સાથે- સાથે બાકી રકમમાં પણ થઈ રહેલા વધારા તથા દેવાના ભારણ હેઠળ દબાતા ભારતીયોની ચિંતા કરતા આરબીઆઈએ હવે બેંકોના મનસ્વી વલણ પર કોરડો ઝીંક્યો છે. અનેકોવખત લોકો અજાણતામાં તેમની કાર્ડ મર્યાદા ઓળંગી જાય છે અને તેના પરિણામે બેંકો ભારે ઓવરલિમિટ ફી વસૂલ કરે છે.

આ પ્રકારની ઓવરલિમિટ ફીની ફરિયાદોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ હવે ક્રેડિટ કાર્ડ વપરાશકર્તાઓને રાહત આપતા પરવાનગી વગર કોઈ ફી ન વસૂલવા આદેશ કર્યો છે. આરબીઆઈએ નિર્દેશ આપ્યો છે કે બધા કાર્ડ ઈશ્યુઅર્સને તેમની એપ્લિકેશનો, ઈન્ટરનેટ બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ પ્લેટફોર્મમાં ટ્રાન્ઝેક્શન લિમિટ સુવિધા પ્રદાન કરવી આવશ્યક રહેશે. આ સુવિધા ગ્રાહકોને કોઈપણ સમયે ઓવરલિમિટ ફેસિલિટી ચાલુ અથવા બંધ કરવાની મંજૂરી આપશે. આ સુવિધા દરેક સમયે ઉપલબ્ધ રહેશે, ખર્ચ પર સંપૂર્ણ નિયંત્રણ સુનિશ્ચિત કરશે અને પરવાનગી વિના કોઈ ફી વસૂલી નહિ થઈ શકે.

નવા નિયમ મુજબ, જો ગ્રાહકે ઓવરલિમિટની મંજૂરી જ નહિ આપી હોય, તો કાર્ડ ઈશ્યુઅર્સ કોઈપણ સંજોગોમાં નિર્ધારિત મર્યાદાથી વધુ ખર્ચ કરવાની મંજૂરી આપશે નહીં. જો કોઈપણ ટેક્નિકલ કારણોસર ટ્રાન્ઝેક્શન લિમિટ ઓળંગાઈ ગઈ હોય, તો પણ બેંક કોઈપણ ઓવરલિમિટ ચાર્જ વસૂલ કરી શકશે નહીં. આ પગલું એવા ગ્રાહકો માટે ફાયદાકારક છે જેઓ આકસ્મિક રીતે વધુ ખર્ચ કરી કાઢે છે અને બાદમાં મર્યાદા કરતા વધુ ખર્ચનો ખ્યાલ આવે છે.

આરબીઆઈએ સ્પષ્ટતા કરી છે કે કોઈપણ બેંક કે કાર્ડ જારીકર્તા ગ્રાહકની સ્પષ્ટ સંમતિ વિના ઓવરલિમિટ ફેસિલિટી એક્ટિવ કરી શકશે નહીં.

અગાઉ, ઘણી બેંકો આપમેળે આ સુવિધા આપી દેતી હતી, જેના કારણે ગ્રાહકો અજાણતાં લિમિટથી વધુ ખર્ચ કરી બેસતા અને ત્યારબાદ ભારે ફી વસૂલવામાં આવતી હતી. હવે, આ પ્રકારની પદ્ધતિ સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવી છે.

સેન્ટ્રલ બેંકે આ નિર્ણય નાણાકીય સુરક્ષા વધારવા અને છેતરપિંડી અટકાવવાના હેતુસર કર્યો છે. ઓવરલિમિટ સુવિધા ઘણીવાર અચાનક અને અનિયંત્રિત ખર્ચ તરફ દોરી જાય છે, જેનાથી ગ્રાહકો નાણાકીય તાણ હેઠળ આવી જાય છે. નવા નિયમો ગ્રાહકોને જવાબદારીપૂર્વક ખર્ચ કરવાની ટેવ વિકસાવવામાં અને બેંકિંગ પ્રક્રિયામાં પારદર્શિતા લાવવામાં મદદ કરશે. જો ગ્રાહક પાસેથી હવે અનધિકૃત ઓવરલિમિટ ચાર્જ વસૂલાય તો તેઓ પહેલા બેંકની ગ્રાહક સેવામાં ફરિયાદ નોંધાવી શકે છે. જો કોઈ ઉકેલ ન મળે તો આરબીઆઈ લોકપાલ પોર્ટલ પર ફરિયાદ કરીને સંપૂર્ણ રિફંડ પણ મેળવી શકાય છે.

## ચાંદી ઓલટાઈમ હાઈ, સોનાનો ભાવ પણ વધ્યો : ચાંદી ₹1.79 લાખ પ્રતિ કિલોનો ભાવ થયો, 10 ગ્રામ સોનાનો ભાવ 1.29 લાખ થયો.....

નવી દિલ્હી, તા.03

ચાંદીનો ભાવ આજે એટલે કે 3 ડિસેમ્બરે ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) મુજબ, આજે ચાંદી



3,504 રૂપિયા વધીને 1,78,684 રૂપિયા થઈ છે. આ પહેલાં ચાંદીની કિંમત 1,75,180 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી, જ્યારે 10 ગ્રામ સોનું 957 રૂપિયા મોંઘું થઈને 1,28,550 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલાં 10 ગ્રામ સોનું 1,27,593 રૂપિયાનું હતું. 17 ઓક્ટોબરે સોનાએ 1,30,874 રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. અમદાવાદમાં સોનું પ્રતિ 10 ગ્રામ 1,30,630 પહોંચ્યું છે. જુદાં જુદાં શહેરોમાં ભાવ અલગ કેમ હોય છે? IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન સામેલ હોતો નથી, તેથી જુદાં જુદાં શહેરોના ભાવ અલગ અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોનનો દર નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે. આ વર્ષે અત્યારસુધીમાં સોનાની કિંમત 52,388 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,28,550 રૂપિયા થઈ ગયું છે. ચાંદીનો ભાવ પણ આ દરમિયાન 92,667 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,74,650 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. કેન્દ્રીય બેંકોની ખરીદી: દુનિયાભરની મોટી બેંકો ડોલર પર નિર્ભરતા ઘટાડવા માગે છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ**

**કોરિજેન્ડમ**

**ઈ-ટેન્ડર નં. DyCE-C-V-SIOB-GIM-04 માં, ક્રમ નં. 09 પર, "એફિડેવિટ" ને "પ્રમાણપત્ર" તરીકે વાંચી શકાય છે, અને સંપર્ક મોબાઈલ નંબર 9724093252.**

CPM 087

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**સુવિધા માટે વિવિધ કાર્ય અપગ્રેડેશન**

**આમંત્રણ ટેન્ડર નંબર DRM-SnT- ADI-Tele09 OF 25-26** DRM/S અને T ના માટે અને વતી કાર્ય કરી રહ્યા છે ભારતના રાષ્ટ્રપતિએ ઈ-ટેન્ડર આમંત્રિત કર્યા ટેન્ડર નંબર DRM-SnT-ADI સામે- ટેલિ09 ઓફ 25-26 બંધ તારીખ ૨૯.૧૨.૨૦૨૫, ૧૫:૦૦ વાગ્યે બોલી લગાવનારાઓ હશે તેમના મૂળ/સુધારેલા સબમિટ કરવા સક્ષમ આ ટેન્ડર સામે ફક્ત અંતિમ તારીખ અને સમય સુધીની બિડ માન્ય નથી, અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1) કાર્યનું નામ:** વ્યાપક માળખાગત સુવિધાઓનું અપગ્રેડેશન: આરઓબી/આરયુબી દ્વારા એલસી દૂર કરવી, ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેઈબ્રિજ, ગુડ્સ શેડ ડેવલપમેન્ટ વર્ક્સ, રિમોટ કંટ્રોલ સેન્ટરની જોગવાઈ, પેસેન્જર યાર્ડમાં સીપીડબ્લ્યુઆઈ ઓફિસ અને સબવે, અને અમદાવાદ વિભાગના ગાંધીધામ વિભાગમાં સુવિધા અપગ્રેડેશન સાથે હોસ્પિટલ બિલ્ડિંગ સુધારણા. **2) કામનો અંદાજિત ખર્ચ:** ૨૫૮૦૮૪૩૧.૩૦/- (બે કરોડ અઠ્ઠાવન લાખ આઠ હજાર ચારસો એકત્રીસ પૈસા માત્ર) **3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ૨૭૯૧૦૦.૦૦/- (બે લાખ ઓગણત્રીસ હજાર એકસો માત્ર) **4) બંધ કરવાની તારીખ અને સમય:** ૨૯.૧૨.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી નહીં **5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૯.૧૨.૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે ખુલશે. **6) ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI 219

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## RBI મોનેટરી પોલિસી કમિટીની બેઠક : વ્યાજ દર 0.25% ઘટી શકે છે, હાલમાં RBIનો રેપો રેટ 5.50% પર છે

નવી દિલ્હી, તા.03

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠક આજે એટલે કે 3 ડિસેમ્બરથી શરૂ થઈ ગઈ છે. આ બેઠક 5 ડિસેમ્બર સુધી ચાલશે અને તે જ દિવસે તેમાં લેવાયેલા નિર્ણયોની જાહેરાત કરવામાં આવશે. RBIની MPCની આ બેઠકમાં વ્યાજ દરોમાં 0.25% નો ઘટાડો થઈ શકે છે. હાલમાં RBIનો રેપો રેટ 5.50% પર છે.

જો આવું થાય તો લોન અને વ્યાજના દરો થોડા ઓછા થઈ શકે છે, જેનાથી સામાન્ય લોકો અને વેપારીઓને રાહત મળી શકે છે. આ અર્થતંત્ર માટે સારો સંકેત હોઈ શકે છે. કારણ કે તેનાથી લોન સસ્તી થશે અને વેપારને પ્રોત્સાહન મળશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં મોંઘવારી સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને આગળ પણ તે વધુ ઘટવાની આશા છે.




આ વર્ષે 3 વખત રેપો રેટ ઘટ્યો, 1%નો ઘટાડો થયો RBI એ ફેબ્રુઆરીમાં યોજાયેલી બેઠકમાં વ્યાજ દરોને 6.5% થી ઘટાડીને 6.25% કરી દીધા હતા. મોનેટરી પોલિસી કમિટી દ્વારા આ ઘટાડો લગભગ 5 વર્ષ પછી કરવામાં આવ્યો હતો. બીજી વાર એપ્રિલમાં થયેલી મીટિંગમાં પણ વ્યાજ દર 0.25% ઘટાડવામાં આવ્યો હતો. જૂનમાં ત્રીજી વાર દરોમાં 0.50% ઘટાડો થયો. એટલે કે, મોનેટરી પોલિસી કમિટીએ ત્રણ વારમાં વ્યાજ દરો 1% ઘટાડ્યા. જોકે, ત્યારબાદ થયેલી બે મીટિંગોમાં તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. રેપો રેટ ઘટવાથી શું બદલાવ આવશે? રેપો રેટ ઘટ્યા પછી બેંકો પણ હાઉસિંગ અને ઓટો જેવા લોન પર પોતાના વ્યાજ દરો ઘટાડી શકે છે. તમારી બધી લોન સસ્તી થઈ શકે છે અને EMI પણ ઘટશે. વ્યાજ દરો ઘટશે તો હાઉસિંગ ડિમાન્ડ વધશે. વધુ લોકો રિયલ એસ્ટેટમાં રોકાણ કરી શકશે. રિઝર્વ બેંક રેપો રેટ શા માટે વધારે અને ઘટાડે છે? કોઈપણ સેન્ટ્રલ બેંક પાસે પોલિસી રેટના રૂપમાં મોંઘવારી સામે લડવા માટે એક શક્તિશાળી ટુલ છે. જ્યારે મોંઘવારી ખૂબ વધારે હોય છે, ત્યારે સેન્ટ્રલ બેંક પોલિસી રેટ વધારીને અર્થતંત્રમાં નાણાંના પ્રવાહને ઓછો કરવાનો પ્રયાસ કરે છે. પોલિસી રેટ વધારે હશે તો બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતી લોન મોંઘી થશે. બદલામાં બેંકો પોતાના ગ્રાહકો માટે લોન મોંઘી કરી દે છે. આનાથી અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઓછો થાય છે. નાણાંનો પ્રવાહ ઓછો થાય છે તો માંગમાં ઘટાડો થાય છે અને મોંઘવારી ઘટી જાય છે.

# ગુજરાત યુનિ.માં ABVP-પોલીસનું ઘર્ષણ, કાર્યકર્તાઓને કપડાં ખેંચી-ખેંચીને રોક્યા

## સાયબર ફ્રોડમાં પકડાયેલા ભાવનગર NSUI પ્રમુખનું પૂતળું સળગાવવા યુનિ. પહોંચ્યા હતા

**અમદાવાદ, તા.03**

ગુજરાત યુનિવર્સિટીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. ભાવનગર જિલ્લા NSUI પ્રમુખ અર્શમાનખાન બલોચની કરોડોના સાયબર ફ્રોડના ગુનામાં ધરપકડ કરવામાં આવી છે, જેને લઈને ABVPના કાર્યકર્તાઓએ ગુજરાત યુનિવર્સિટીના ગેટ બહાર વિરોધ કર્યો હતો. ભાવનગર જિલ્લા NSUI પ્રમુખ અર્શમાનખાન બલોચનું પૂતળું દહન કરવા જતાં પોલીસ અને ABVPના કાર્યકર્તાઓ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. ખરા સમયે પૂતળાનું દહન કરવા માટે ABVPના કાર્યકર્તાઓને માચીસ જ મળી નહીં. એ બાદ પોલીસે ABVPના કાર્યકર્તાઓની કપડાં ખેંચી-ખેંચીને અટકાયત કરી હતી.



અમદાવાદમાં થયેલા સાયબર ફ્રોડના કેસની તપાસ દરમિયાન ભાવનગર જિલ્લા NSUI પ્રમુખ અર્શમાનખાન બલોચનું નામ ખૂલ્યું હતું. સાયબર ઠગોને NSUI પ્રમુખ એકાઉન્ટ પૂરાં પાડતો હતો. અર્શમાનખાન બલોચ સાયબર ગઠિયાઓને બેન્ક એન્કાઉન્ટ પૂરાં પાડવાના અને ખાતામાં જમા થતા રૂપિયાના 25 ટકા કમિશન લેતો હોવાનું પણ સામે આવ્યું હતું, જેથી કરોડોના સાયબર ફ્રોડના કેસમાં પોલીસે ધરપકડ પણ કરી હતી. એને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ વિરોધ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી પહોંચ્યા હતા. NSUI મુર્દાબાદ અને અર્શમાનખાન બલોચ મુર્દાબાદના ABVPના કાર્યકર્તાઓએ નારા લગાવ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટી ગેટ બહાર ABVPના કાર્યકર્તાઓ વિરોધ કરતાં પોલીસ પણ તહેનાત કરી દેવામાં આવી હતી. વિરોધપ્રદર્શન દરમિયાન ABVPના કાર્યકર્તાઓનું NSUIના પ્રમુખના પૂતળાનું દહન કરવાનું પ્લાનિંગ હતું, પરંતુ પોલીસે પૂતળાના દહન કરવાના પ્લાનિંગ પર પાણી ફેરવી દીધું હતું. ABVPના કાર્યકર્તાઓએ ગુજરાત યુનિવર્સિટી ગેટ પાસે ગાડીમાંથી પૂતળું કાઢતાં જ પોલીસ પણ પહોંચી ગઈ હતી. ABVPના કાર્યકર્તાઓ પૂતળું સળગાવવા જતાં પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. પોલીસે પૂતળું સળગાવતા ABVPના કાર્યકર્તાઓને રોકવા જતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. 10 મિનિટ સુધી ગુજરાત યુનિવર્સિટી ગેટ પાસે પોલીસે અને ABVPના કાર્યકર્તાઓ વચ્ચે ભારે ઘર્ષણ ચાલ્યું હતું. ABVPના કાર્યકર્તામાંથી કોઈ એક વ્યક્તિએ પૂતળું સળગાવવા જતાં પોલીસે તરત જ પગથી બુઝાવી દીધું હતું. પૂતળાને લઈને પોલીસ અને ABVPના કાર્યકર્તાઓ વચ્ચે ખેંચતાણી થતાં પૂતળું પણ તૂટી ગયું હતું, પરંતુ એ બાદ AVBPના કાર્યકર્તાઓએ પોલીસ પાસેથી પૂતળું ઝૂંટવી લીધું હતું. ગુજરાત યુનિવર્સિટીના ગેટ પાસે જ પૂતળાને વચ્ચે રાખી ABVPના કાર્યકર્તાઓએ ચારેબાજુથી કોર્ડન કરી દીધું હતું. એ બાદ ખરા સમયે પૂતળું સળગાવવા માટે ABVPના કાર્યકર્તાઓને માચીસ જ ન મળી અને છેવટે પોલીસે કપડાં ખેંચી-ખેંચીને અટકાયત કરી દીધી હતી.

ABVPના કર્ણાવતી મહાનગરમંત્રી ધ્રુમિલ અખાણીએ જણાવ્યું હતું કે ભાવનગરમાં NSUIના પ્રમુખ અર્શમાનખાન બલોચ દ્વારા લોકોને લૂંટવાનો અને સામાન્ય જનતાને છેતરીને પૈસા પડાવવાની ઘટના સામે આવી હતી. આ ઘટનાની સામે આજે વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું. NSUI પ્રમુખને ખુલ્લો પાડવાનું કામ કરી રહ્યા છીએ. NSUI વિદ્યાર્થીઓને ઠગવાનો જે કામ કરી રહી છે ત્યારે નશામુક્તિનો રેડિયો નિષ્ફળ ગયો હોય એવું લાગી રહ્યું છે.

# રાજકોટમાં 300 વાહનચાલકોએ 50થી વધુ વખત ટ્રાફિક નિયમોનો ભંગ કર્યો...

**રાજકોટ, તા.03**

ટ્રાફિકના નિયમોનો ભંગ કરવામાં રાજકોટવાસીઓ મોખરે હોય તેવા આંકડાઓ સામે આવ્યા છે. રાજકોટ આરટીઓ કચેરીમાં રજીસ્ટર થયેલા ટુ વ્હીલર અને ફોર વ્હીલર સહિત 300થી વધુ વાહનો એવા છે કે જેના ઉપર ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ 50થી વધુ વખત ઈ મેમો મોકલવામાં આવેલા છે અને ઈ ચલણ મોકલ્યા બાદ પણ આ વાહન ચાલકોએ દંડની ભરપાઈ કરી નથી.



જેમાં અમુક વાહનચાલકો તો એવા છે કે જેઓને એક જ વાહન નંબર પર 80 જેટલા ઈ મેમો નોટિસ સ્વરૂપે મોકલવામાં આવેલા છે. જેથી આવા વાહન ચાલકો સામે રાજકોટ શહેર ટ્રાફિક શાખાએ લાલ આંખ કરી હોય તેમ તેઓના લાયસન્સ રદ કરવા માટેનો પત્ર આરટીઓ કચેરીને લખ્યો છે.

રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકોટ RTOમાં રજીસ્ટર થયેલા 300થી વધુ વાહન ચાલકો વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરી વાયોલેશન ઉભુ કરી રહ્યા છે. જેથી RTOએ તેઓને વાહન ચલાવવા માટેનું જે લાયસન્સ આપ્યું છે તે રદ કરી દેવું જોઈએ. વારંવાર ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોને નિયમ મુજબ વાહન ચલાવતા આવડતું નથી જેથી તેનું લાઈસન્સ રદ જ કરી દેવું જોઈએ. આ બાબતે આરટીઓ કચેરીને પત્ર લખવામાં આવ્યો છે જેથી તેમના દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

# કરમસદ-આણંદમાં મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓ, નાણાકીય સાક્ષરતા શિબિર યોજાઈ

## સ્વ સહાય જૂથની 70થી વધુ બહેનોએ ભાગ લીધો, વિજેતાઓને સન્માનિત કરાયા

**આણંદ, તા.03**

કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા આણંદ ખાતે શહેરી વિકાસ વર્ષ 2025 અંતર્ગત સ્વ સહાય જૂથની મહિલાઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. UCD-NULM વિભાગ દ્વારા મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓ, કાયદાઓ, યોજનાઓ અને નાણાકીય સાક્ષરતા અંગે શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વાનગી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, નાણાકીય સાક્ષરતા શિબિર અને બંધારણ દિન-2025ની ઉજવણી નિમિત્તે મહિલા સશક્તિકરણ તથા મહિલા અધિકારો માટે જાગૃતિ શિબિર પણ યોજવામાં આવી હતી.



નાણાકીય સાક્ષરતા શિબિરમાં FLCC-સંજયભાઈ વાળંદે બેંક સંબંધિત વિવિધ યોજનાઓ અને કામગીરી વિશે સમજ આપી હતી. બંધારણ દિન-2025ની ઉજવણીના ભાગરૂપે, મહિલા અને બાળ વિકાસ કચેરીના કર્મચારીઓએ મહિલાઓને લગતી યોજનાઓ, કાયદાઓ અને તેમના અધિકારો વિશે માહિતી પૂરી પાડી હતી. આ ત્રણેય સ્પર્ધામાં 70થી વધુ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિજેતાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના લીડ બેંક મેનેજર જગદીશ પાટિલ, મહિલા અને બાળ વિકાસ કચેરી-આણંદના રૂમાનાબેન પઠાણ, જેન્ડર સ્પેશિયાલિસ્ટ હિતેશભાઈ રોહિત, હરેન્દ્રભાઈ પટેલ, કાઉન્સેલર શબનમબેન ખલીફા, તૃપ્તમ ફાઉન્ડેશન-આણંદના મેનેજિંગ ટ્રસ્ટી ભાવિકાબેન, ન્યુટ્રિશનિસ્ટ રોનક યાદવ ઉપસ્થિત રહ્યા હતા. NULM યોજનાના મેનેજર ભૂમિકા અવલાની, વ્રજ ત્રિવેદી, સમાજ સંગઠક કુલદીપ બ્રહ્મભટ્ટ અને કોમલ વાઘેલા, UCD ક્લાર્ક વિશાલભાઈ પટેલ, તેમજ UCD બ્યુટી પાર્લર ઈન્સ્ટ્રક્ટર નૈનાબેન પટેલ પણ હાજર રહ્યા હતા.

# આણંદના વૃંદાવન મેદાન પાસે ટ્રાફિકને અડચણરૂપ 12 લારી અને 1 ટેમ્પી જપ્ત

**આણંદ, તા.03**

કરમસદ આણંદ મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા આણંદ વિદ્યાનગર રોડ ઉપર આવેલ વૃંદાવન ગ્રાઉન્ડમાં ઉભા રહેતા લારી ગલ્લાવાળાઓને અવારનવાર સૂચના આપવા છતાં પણ પોતાની લારીઓ ઊભા રાખતા હોય તથા ટ્રાફિકને અડચણરૂપ થતા હોય આ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરીને 12 લાકીઓ સહિત 1 ટેમ્પી જપ્ત કરી હતી.



આણંદ શહેરના 100 ફૂટ રોડ ઉપર દુકાનદારો દ્વારા રોડ ઉપર લોકોને નડતરરૂપ થાય તે રીતે દબાણ કરવામાં આવ્યું હતું. દુકાનનો પરચુરણ માલ સામાન રખાયો હતો અને ખોટી રીતે પાર્કિંગ કરાયું હતું. આવા 8 દુકાનદારોને દરેકને રૂ 10,000 મળીને કુલ 08 દુકાનદારોને રૂ 80,000 નો દંડ ભરપાઈ કરવા માટે નોટિસ આપી છે.મનપાના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા લોકોને અડચણરૂપ થાય તે રીતે દુકાનદારો પોતાનો માલ સામાન ફૂટપાથ ઉપર બહાર ન મૂકે તે માટે અનુરોધ કરાયો છે.

દબાણોને કારણે મોડી રાત્રે બબાલ થતી હતી આણંદ શહેરના વિદ્યાનગર રોડ પર આવેલા વૃંદાવન મેદાનની ફરતે ખાણીપીણીની લારીઓવાળા ગેરકાયદે ઉભા રહેતા હતા.

# અમદાવાદમાં 9 હોસ્પિટલો સીલ કરાઈ, BU પરમિશન ન હોવાથી AMCની કાર્યવાહી

**અમદાવાદ, તા.03**

AMC દ્વારા જાહેર સલામતી અને નિયમનું પાલનના કરતી હોસ્પિટલ સામે દક્ષિણ પશ્ચિમ ઝોનમાં મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. BU પરવાનગી મેળવ્યા વિના વપરાશ ચાલુ રાખનાર કુલ 9 હોસ્પિટલોને સવારે સીલ કરી દેવામાં આવી છે. આ હોસ્પિટલોને અગાઉ નોટિસ અને મૌખિક સૂચનાઓ આપવા છતાં નિયમિતતા ન કરાવતાં AMCએ આ પગલું ભર્યું છે.





AMCના દક્ષિણ પશ્ચિમ ઝોનના હદ વિસ્તારમાં આવેલી આ હોસ્પિટલોને બાંધકામની નિયમાનુસાર BU મેળવી લેવા તેમજ ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ-2022 (GRUDA-2022) હેઠળ બાંધકામ નિયમિત કરાવી લેવા માટે અગાઉ નોટિસ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત, કોર્પોરેશન દ્વારા વારંવાર મૌખિક સૂચનાઓ પણ આપવામાં આવી હતી. જોકે, આ હોસ્પિટલોના સંચાલકો દ્વારા વપરાશ પરવાનગી મેળવી લીધી હોય કે બાંધકામ નિયમિત કરાવી લીધું હોય તે અંગેના કોઈ અધિકૃત પુરાવા રજૂ કરવામાં આવ્યા નહોતા અને તેમ છતાં તેઓ દ્વારા હોસ્પિટલનો વપરાશ ચાલુ રાખવામાં આવ્યો હતો. આ બેદરકારીને કારણે અને જાહેર સલામતીના ભાગરૂપે, AMC દ્વારા કડક કાર્યવાહીના ભાગરૂપે આ 9હો સ્પિટલોને આજે સીલ કરવામાં આવી છે.

સીલ કરવામાં આવેલી 9 હોસ્પિટલોમાં સરખેજ, મક્તમપુરા, જુહાપુરા અને સાઉથ બોપલ વિસ્તારનો સમાવેશ થાય છે. મુખ્યત્વે મક્તમપુરા અને જોધપુર-2 વિસ્તારની હોસ્પિટલો પર તવાઈ આવી છે.